CMYK

Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૬૨
તા.૦૯-૦૪-૨૦૧૭, રવિવાર
સંવત ૨૦૭૩ ચૈત્ર સુદ - ૧૩
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૨૬ સૂર્યાસ્ત : ૦૬:૫૭

તાપમાન
ડીસા ૩૮
અમદાવાદ ૩૭.૫
ગાંધીનગર ૩૭
વડોદરા ૩૭.૭
સુરત ૩૫.૮
નલિયા ૩૬.૬

ચાંદી : ૪૧૫૦૦ સોનું : ૨૯૦૦૦

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ
પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેકસ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭
જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ૮૦ ટકા મતદાન

## પંચાયતોની ચૂંટણીમાં પ્રથમવાર ઈવીએમનો ઉપયોગ : કુલ ૧૬,૦૮૨ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ : ૧૧મી એપ્રિલના રોજ એકસાથે પરિણામ જાહેર કરાશે

અમદાવાદ

રાજયમાં આજે ગ્રામ પંચાયતોની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી. મોડી સાંજ સુધીમાં ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં સરેરાશ ૮૦ ટકા મતદાન નોંધાયું હતું. રાજયની ૧૫૫૭ ગ્રામ પંચાયતો માટે આજે મતદાન યોજાયું હતું. રાજયની ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં આજે સૌપ્રથમવાર ઈવીએમનો ઉપયોગ થયો હતો. આ સાથે જ ગ્રામ પંચાયતના ૧૬૦૮૨ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થયા હતા.



રાજયની આજે યોજાયેલી ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં વહેલી સવારે ૮.૦૦ વાગ્યાથી જ મતદાન શરૂ થયું હતું. સવારે ૮ થી ૧૧ દરમ્યાન મતદાનમાં સારો એવો ઉત્સાહ જોવા મળ્યો હતો. બપોરે ગરમીને લઈ ૧૨થી ૩ દરમ્યાન મતદાનમાં ધસારો થોડો ઓસર્યો હતો. જો કે, ફરી સાંજે ૪ થી ૫ દરમ્યાન મતદારોનો ધસારો વધ્યો હતો અને છેલ્લા કલાકમાં સારૂ એવુ મતદાન નોંધાયું હતું. ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં આ વખતે કુલ ૩૪૯ ગ્રામ પંચાયત સમરસ થઈ હતી. જેથી ૧૪૮૪ સરપંચ વચ્ચે સ્પર્ધા છે.

ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં સૌપ્રથમવારર રાજય ચૂંટણી પંચ દ્વારા ઈવીએમનો ઉપયોગ કરાયો હતો. સાંજે ચાર વાગ્યા સુધીમાં અંદાજે ૭૦ ટકા મતદાન નોંધાયુ હતું. જયારે છેલ્લા કલાકમાં મતદાન ઉછાળો આવતા ટકાવારી ૮૦ ટકાએ પહોંચી હતી. દિશાવદરના મોતી મોનપરી ગ્રામપંચાયતના વોર્ડ નં.૯ના સભ્ય બાલાભાઈ ધનજીભાઈનું અચાનક નિધન થતા આ વોર્ડની ચૂંટણી મુલતવી રહી છે. આ સિવાય બીજો કોઈ અનિચ્છનીય બનાવ નોંધાયો ન હતો. આજે કુલ ૪૪૮૯ મતદાન મથકો પર યોજાયેલી ચૂંટણીમાં કુલ ૧૬૦૮૨ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં સીલ થયુ હતું. આજની ગ્રામ પંચાયતોની ચૂંટણીને લઈ ૬૪૫ ચૂંટણી અધિકારી, ૮૪૫ મદદનીશ ચૂંટણી અધિકારી, ૨૬૩૫૭ પોલીંગ સ્ટાફ સહિતના કર્મચારીઓએ ફરજ બજાવી હતી. હવે તા.૧૧મી એપ્રિલે મતગણતરી હાથ ધરી આ ચૂંટણીનું પરિણામ જાહેર કરાશે.

## વિચાર વૈભવ...

### ગામ અને જ્ઞાતિ જ?

'ભારત' ના નામે જેને આપણે રાજકીય ઘટક તરીકે ઓળખીએ છીએ, તેવી કલ્પના અંગ્રેજી હકૂમત પહેલાંના કાળમાં અસ્તિત્વમાં હતી જ નહીં. અનેક ભાષાઓ બોલતા, ભિન્નભિન્ન રીતરિવાજોને અનુસરતા અને જુદા જુદા શાસકોનાં તંત્ર નીચે વસતા લોકો જ્યાં રહેતા હતા એવા વિશાળ વિસ્તાર ઉપર પરદેશી હકૂમત લાદવામાં આવી, અને તેને લીધે આવા એક રાજકીય ઘટકનું આપણને પહેલીવાર ભાન થયું.

'અખિલ ભારત' ને લગતી ભાવના અંગ્રેજોના કાળ દરમિયાન કેળવાયેલા ગણ્યાગાંઠ્યા હિન્દીઓએ ઊભી કરી હતી. પાશ્ચાત્ય કેળવણી પ્રાપ્ત કરીને અને બીજા દેશોનો ઈતિહાસ વાંચીને પોતાના દેશ તરીકે હિન્દનો વિચાર તેમણે કરવા માંડ્યો હતો. પણ સામાન્ય પ્રજાનો સર્વસાધારણ સાંસ્કૃતિક વારસો 'અખિલ હિંદ' ની ભાવનાની ભૂમિકા પૂરી પાડવા માટે બહુ નબળો હતો, અને હજી પણ છે.

અખિલ ભારતીયપણાની ભાવના ઈરાદાપૂર્વકના પ્રયત્ન વડે આપણે કેળવવાની રહે છે. મોટાભાગના લોકો આવો કોઈ પ્રયત્ન કરતા જ નથી. તેમનું ધ્યાન મુખ્યત્વે પોતાની નાતજાત અને પોતાના પ્રદેશ ઉપર જ કેંન્દ્રિત હોય છે. લોકોની નિષ્ઠા ને લાગણીઓ ભારત સાથે નહીં પણ પોતાના ગામ સાથે, પોતાની જ્ઞાતિ સાથે જ હંમેશા જોડાયેલી રહી છે. એટલે પ્રાદેશિક અને અન્ય સંકુચિત વફાદારીઓ અંગે ભડકી ઉઠવાની જરૂર નથી. એ વફાદારીઓ કાંઈ એક રાતમાં વિસર્જિત કરી શકાય તેમ નથી. આપણી સામે જે કાર્ય છે તે અખિલ ભારતલક્ષી ભાવનાને ધીરજપૂર્વકના શિક્ષણ અને પ્રચાર વડે ઉછેરવાનું અને ખીલવવાનું છે.

- ડી.ડી.કર્વે

## અંબાજી મંદિર ૧૩ કિલો સોનુ સરકારની સ્કીમમાં મુકાશે

ગોલ્ડ મોનેટાઇઝેશન યોજના અંતર્ગત

### ટેમ્પલ ટ્રસ્ટને વાર્ષિક ૨.૨૫ ટકા વ્યાજ મળશે : વ્યાજની રકમનો ઉપયોગ શ્રદ્ધાળુઓની સુવિધાઓ માટે જ કરાશે

અમદાવાદ

અંબાજી ખાતે આવેલા અંબાજી માતાના દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા ગોલ્ડ મોનેટાઈઝેશન યોજનામાં બીજા તબક્કામાં ૧૩ કિલો સોનું મુકવાનો નિર્ણય લેવામાં આવ્યોછે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા જાહેર કરવામાં આવેલી ગોલ્ડ મોનેટાઈઝેશન યોજનામાં આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા સોનું મુકવામાં આવ્યું છે.

ગુજરાત સરકારની મંજુરી પ્રમાણે દેવસ્થાન ટ્રસ્ટના અધ્યક્ષ અને કલેક્ટર બનાસકાંઠાની ઉપસ્થિતિમાં ૬ઠ્ઠી એપ્રિલના રોજ અંબાજી મંદિર ખાતે ભારત સરકાર અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા કાર્યવાહી કમિટિની રુબરુમાં આ નિર્ણય કરવામાં આવ્યો છે. અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા ૧૩ કિલો ૧૦૦ ગ્રામ સોનુ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા પ્રમાણિત કરેલ ગુજરાત ગોલ્ડ સેન્ટર અમદાવાદ પાસેથી નિયત કરેલ રિપોર્ટ અને પ્રક્રિયા દ્વારા સુપરત કરવામાં આવશે. આ સોનુ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની ગાઈડલાઈન મુજબ સાત વર્ષની મિડટર્મ

અનુસંધાન પાના નં.૬

## કાંકરેજ તાલુકાના રૂવેલ ગ્રામજનોનો નિશાન બદલાતા ચૂંટણીનો બહિષ્કાર

### ઘંટીનું નિશાન ઘડો થઈ જતા ચકચાર

તા.પ્રતિ. થરા

રાજયભરમાં ગઈકાલે બીજા તબક્કામાં કેટલીક ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાઈ જેમાં બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકામાં ૨૬ ગ્રામ પંચાયત પૈકી ૧૦ ગ્રા.પં.સમરસ બનેલ બાકીની ૧૬ ગ્રામ પંચાયતો (૧) મોટા જામપુરા, (૨) શિરવાડા, (૩) રૂવેલ, (૪) અધગામ (૫) અણાંદપુરા (૬) ઓઢા (૭) નાથપુરા (૮) શીવગઢ (૯) ઢેબી (૧૦) કાકર (૧૧) ઉણ (૧૨) ઝાલમોર (૧૩) રાજપુર (૧૪) રાઠોડવાસ (૧૫) ટોટાણા (૧૬) રામપુરા, કાંકરેજ મામલતદાર કમ ચૂંટણી અધિકારી કટારાના માર્ગદર્શન હેઠળ શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન થાય તેવા પ્રયત્નો હાથ ધરેલ કાંકરેજ તાલુકાની કેટલીક ગ્રામ પંચાયતોમાં ચૂંટણી માહોલ વિધાનસભા - લોકસભા કરતાં પણ વધુ જામ્યો હતો. ગઈકાલે ચૂંટણી મતદાન શરૂ થાય તે પહેલાં રૂવેલ ગામે ચૂંટણી નિશાન અંગે વિવાદ ઉભો થતાં ગ્રામજનોએ મતદાનનો બહિષ્કાર કર્યો હતો. જેમાં એવું જાણવા મળે છે કે ચૂંટણી પ્રતિક "ઘંટી" માંગી હતી તે ઘડો થયું છે. આ બાબતે ચૂંટણી સાથે સંકળાયેલા એવા અધિકારીએ જણાવ્યું હતું કે જે તે સમયે આવેદનપત્રોમાં જે નિશાનની માંગણી કરી એજ આવ્યું છે. આ પ્રક્રિયા કાંકરેજ તાલુકા પંચાયત કચેરીમાં થયેલ છે ને આવેદન પત્ર મુજબ કોઈ જ ભૂલ નથી.

રૂવેલ ગામના સરપંચના ઉમેદવાર સોમાજી ઠાકોર ટેલીફોનીક વાત ચીતમાં જણાવ્યું હતું કે અમે ઘંટી નિશાન જ પસંદ કર્યું હતું તે આજે ઘડો કેવી રીતે થયું આ બાબતે સમગ્ર ગ્રામજનો એક છે ને ચૂંટણીનો બહિષ્કાર જેની ફળશ્રૃતિ રૂપ છે. કોઈની કિન્ના ખોરી હોઈશ કે જે હોય પણ નિશાનમાં ફેરફાર ચોક્કસ થયો છે. જેની સામે અમે કોર્ટના દ્વાર ખખડાવીશું ને ન્યાય અમોને મળશે તેવી આશા છે.

ચૂંટણી અધિકારીના જણાવ્યા મુજબ સાંજે પાંચ વાગ્યા સુધી કોઈ મતદાન નહી થતાં છેવટે ચૂંટણી પંચના નિતિનિયમ પ્રમાણે પ્રિસાઈટીંગ ઓફીસરે ઈવીએમ મશીન સીલ કરી આગળની કાર્યવાહી કરી હતી. તમામ મતદાન મથકોમાં એકપણ મતદારે મતદાન નહી કરી ગ્રામ એકતાના દર્શન કરાવ્યા હતા. આ પ્રક્રિયામાં જવાબદાર અધિકારી સામે પગલા ભરાય તેવી પણ ગ્રામજનોએ માંગ કરી હતી.

### તટસ્થ તપાસ જરૂરી

સરપંચ ઉમેદવારનું નિશાન બદલાવા અંગે ગ્રામજનો સાચા હોય તો સમગ્ર પ્રકરણની તપાસ થવી જોઈએ ને તેમાં સંડોવાયેલા 'એ ટુ ઝેડ' સુધીના તમામને બોધ પાઠ મળવો જોઈએ કે જેથી લોકશાહી પ્રણાલિકા પર લોકોનો વિશ્વાસ ટકી રહે પાંચ રાજ્યોની ચૂંટણી બાદ ઈવીએમ મશીન સામે ઉભા થયેલા સવાલો બાદ કાંકરેજ તાલુકાના રૂવેલ ગ્રામજનોએ ચૂંટણી સમયે જ નિશાન બદલાયા ને તેની પાછળ કોઈ ચોક્કસ તત્વોનો હાથ છે તેવું ચર્ચાનો વિષય પાંચ વાગ્યા પછી ઈવીએમ "ખાલી" સીલ થયા બાદ નો બની રહ્યો છે.

## ભારત બાંગ્લાદેશ વચ્ચે મહત્વના ૨૨ કરારો ઉપર હસ્તાક્ષર કરાયા

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીના વચ્ચે આજે હૈદરાબાદ હાઉસ ખાતે થયેલી શિખર મંત્રણા દરમિયાન ૨૨ જેટલા મહત્વના કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ કરારોમાં કોલકાતાથી ખૂલના વચ્ચે એક ટ્રેન શરૂ કરવાની સાથે બે બસ સેવા શરૂ કરવા પણ સમજૂતિ કરાઈ છે. ટ્રેન આગામી એક જુલાઈથી શરૂ કરવામાં આવશે. દરમિયાન ભારત તરફથી બાંગ્લાદેશને ૪.૫ અરબ ડોલરની ક્રેડિટનું પણ એલાન કરવામાં આવ્યું છે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે મહત્વના કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા બાદ બંને દેશો તરફથી જારી કરવામાં આવેલા એક સંયુક્ત નિવેદનમાં બાંગ્લાદેશ સરકાર તરફથી આતંકવાદ વિરુદ્ધ જાહેર કરવામાં આવેલી ઝીરો ટોલરન્સની પોલિસીની વડાપ્રધાન દ્વારા પ્રશંસા પણ કરવામાં આવી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર હૈદરાબાદ હાઉસ ખાતે બંને નેતાઓ વચ્ચે શિખર મંત્રણા બાદ એક સંયુક્ત નિવેદન જારી કરવામાં આવ્યું હતું જેમાં તમામ ૨૨ સમજૂતિઓ અંગે જાણકારી આપવામાં આવી હતી.

## ભાભરનું વડતળાવ સૂકાતા કાચબા સહિતના હજારો જીવોને ખતરો

### તળાવમાં નર્મદાનું નીર ઠાલવવાની જીવદયા પ્રેમીઓની માંગ

તા.પ્રતિ. ભાભર

ભાભરની ઓળખ ગણાતું વડતળાવ ઉનાળાની ગરમી શરૂ થતા જ સૂકાવા લાગ્યું છે. ત્યારે કિનારે બચેલા છીછરા પાણીમાં હજારો કાચબા અને માછલાં આશરો લઈ રહ્યાં છે પરંતુ ગરમી જોતા તેમના જીવન સામે ખતરો મંડરાયો છે તેથી તળાવ નર્મદાના નીરથી ભરવાની માંગ ઉઠવા પામી છે.

ભાભરમાં અગાઉ બજાર નક ખાડીયુ તળાવ હતું. જેમાં હજારો કાચબા અને માછલા વસવાટ કરતા હતા. પરંતુ પાંચ વર્ષ અગાઉ પાલિકા દ્વારા આ તળાવ માટી પુરાણ કરી પુરી દેવામાં આવ્યું છે. પરંતુ જીવદયા પ્રેમીઓએ જહેમત ઉઠાવી કાચબા સહિતના જીવો વડતળાવમાં ઠલવ્યા હતા. જ્યાં હજારો કાચબા, માછલા અને અન્ય જીવો વસવાટ કરે છે. પરંતુ ઉનાળામાં ગરમીના કારણે તળાવ




સૂકાતા આ જીવો સામે ખતરો મંડાય છે અને અનેક જીવો મોતને ભેટે છે. હાલમાં ઉનાળાનો પ્રારંભ થતા તળાવ સૂકાવા લાગ્યું છે. તેથી કિનારા ઉપર એક માત્ર છીછરા પાણીનું ખાબોચિયું મળ્યું છે. જેમાં પણ ગટરનું. પાણી આવે છે. પરંતુ ગરમીમાં આ પાણી પણ સૂકાઈ જશે તો અબોલ જીવો તરફડીને મોતને ભેટે તેવી શક્યતા છે. તેથી વડતળાવ નર્મદાના નીરથી ભરવાની ઉગ્ર માંગ ઉઠવા પામી છે. ત્યારે પાલિકામાં તળાવના નવનિર્માણની ગ્રાન્ટ આવી છે જે તળાવમાં પાણી માટે વપરાય તે જરૂરી છે.

### કાચબા બચાવવાની મથામણ

અગાઉ ખાડીયા અને હાલમાં વડતળાવમાં કાચબા સહિતના હજારો જીવો વસવાટ કરે છે. જેમને આર્થિક પરિસ્થિતિ નબળી હોવા છતાં જીવદયા પ્રેમી પ્રવિણભાઈ પુજારા છેલ્લા ઘણા વર્ષોથી દરરોજ નિયમિત ૧૦ કીલો મમરા અને રોટલી આ જીવોને ખવરાવે છે. જે તળાવ કિનારે ઉભો રહિને ડુંગડુંગ અવાજ કરે તો અનેક કાચબા બહાર આવી તે ખાવા માટે પડાપડી કરે છે. અબોલ જીવોને બચાવવાની તેની મથામણ સાચે જ મુઠી ઉંચેરી છે.

## સાર સમાચાર...

### હસીનાની હાજરીમાં મોદીના પાકિસ્તાન પર આકરા પ્રહારો

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આજે બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાની હાજરીમાં આતંકવાદના મામલે પાકિસ્તાનને ટાર્ગેટ કરી આક્રમક ભાષણમાં જવાબ આપવામાં આવ્યો હતો. મોદીએ પાકિસ્તાનનું નામ લીધા વગર કહ્યું કે, જ્યાં એક તરફ ભારત અને બાંગ્લાદેશ સાથે મળીને વિકાસ કરવાનું વિચારી રહ્યા છે ત્યારે બીજી તરફ દક્ષિણ એશિયામાં એક માનસિકતા એવી પણ છે કે, જે આતંકવાદને પ્રેરણા આપે છે અને તેનું પોષણ પણ કરે છે. ૧૯૭૧ના યુદ્ધમાં શહીદ સૈનિકોના સન્માન સમારોહમાં પીએમ મોદીએ કહ્યું કે, દુખ તો એ વાતનું છે કે, દક્ષિણ એશિયામાં એક એવી વિચારધારા છે જે હંમેશા આતંકવાદને સતત પ્રેરણા આપવાની સાથે તેનું પોષણ કરી રહી છે. આ વિચારધારા જેની વેલ્યુસિસ્ટમ માનવતા ઉપર નથી પરંતુ હિંસા અને આતંકવાદ ઉપર આધારિત છે.

## ડીસા પાલિકાનું વિજબીલ જીરો : વધારાની વિજળી વેચી

ડીસા

વિશ્વભરમાં એન્વાયરમેન્ટલ ક્ષેત્રે સોલાર ઉર્જાનું મહત્વ વધી રહ્યું છે ત્યારે ડીસા નગર પાલિકાએ સૌર ઊર્જા થકી વીજ બિલ જીરો કરી વધારાની વીજળી વીજ કંપનીને વેચનાર રાજયની પ્રથમ નગરપાલીકા બની છે. જેથી ડીસાવાસીઓમાં ખુશાલી છવાઈ છે.

ડીસા નગર પાલિકાએ બે માસ અગાઉ રાજ્યમાં પ્રથમ નેટ મીટર આધારિત સોલાર પાવર પ્લાન્ટ પાલિકા કચેરી બિલ્ડિંગમાં લગાવ્યો હતો.નેટ મીટર એટલે પોતાના વપરાશ બાદ વધારાની વીજળી વીજ કંપનીમાં જમા કરાવી તેનું વળતર મેળવવું.ડીસા પાલિકામાં સોલાર પ્લાન્ટમાં ૨૭૦૦ યુનિટ વીજળીનું ઉત્પાદન થયું હતું. જેની સામે વહીવટી કચેરીમાં ૮૫૦ યુનિટ વીજળી વપરાયી હતી.અને ૧૬૫૦ યુનિટ વિજકંપનીમાં પરત જમા



ભરત સુંદેશા

કરાવાયા હતા. ડીસા પાલિકા કચેરી નું એવરેજ વીજ બિલ રૂ.૩૫ હજાર થી રૂ.૪૫ હજાર આવતું હતું.ત્યારે સોલાર પ્લાન્ટ નાખ્યા બાદ પ્રથમ માત્ર રૂ.૮૬૬ જ બિલ આવ્યું છે.જે પણ માત્ર મીટર ચાર્જ,વિદ્યુત શુલ્ક જેવા ચાર્જિસનું બિલ છે. પાલિકાને વિજબિલ ઝીરો થઈ જતા દર માસે અંદાજીત ૪૦ હજારની બચત થશે.

પાલિકા પ્રમુખ પ્રવીણ માળીના જણાવ્યા મુજબ પાલિકાએ રૂ.૭ લાખ ના ખર્ચે રાજ્યનો પ્રથમ નેટ મીટર આધારિત સોલાર પ્લાન્ટ નાખ્યો હતો.જેમાં પ્રથમ બિલમાં જ વીજ કંપનીમાં ૧૬૫૦ યુનિટ જમા થતા વીજ કંપની દ્વારા પર યુનિટના રૂ.૩.૨૨ સામેથી ચુકવતા વિજબિલ ઝીરો થઈ ગયું છે. આમ પાલિકા કચેરીને વીજ વપરાશ પેટે હવે એક પણ રૂપિયો ચૂકવવો નહી પડે.

ડીસા નગર પાલિકાની આ યોજનાનું અનુકરણ રાજયની અન્ય પાલિકા તેમજ બીજી સરકારી કચેરીમાં પણ લાગુ કરવા ગુજરાત નગરપાલિકા નિયામકની બેઠકમાં પણ ચર્ચા થઈ હતી.

## બનાસકાંઠાની જીવાદોરી સમાન દાંતીવાડા ડેમના તળીયા દેખાયા

### બે વર્ષ અગાઉ ૪૧૮ કરોડના ખર્ચે નાખેલી પાઈપલાઈનમાં પાણી આવતું નથી : પાલનપુર કૃષિ મેળામાં આવેલા પ્રદેશ ભાજપ પ્રમુખની ડેમમાં પાણી રેલાવાની ખાત્રી

ડીસા

બનાસકાંઠા જિલ્લાની જીવાદોરી સમાન દાંતીવાડા ડેમમાં નર્મદાના નીર નાખવા બે વર્ષ અગાઉ ૪૧૮ કરોડ રૂપિયાના ખર્ચે પાઈપલાઈન નાખવામાં આવી છે પરંતુ તેમાં આજ સુધી પાણી આવ્યું નથી. ઉલટાનું ડેમનું પાણી ૧૨૩ ગામોને પીવા માટે આપવામાં આવે છે જેના કારણે ઉનાળાના આગમન ટાંણે જ ડેમના તળીયા દેખાવા લાગ્યા છેજેથી ખેડૂતોમાં આક્રોશ છવાયો છે ત્યારે ગઈકાલે કૃષિ મેળાના ઉદ્ઘાટન પ્રસંગે પાલનપુર આવેલા પ્રદેશ ભાજપ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ ડેમમાં સત્વરે નર્મદાના નીર રેલાવવાની ખાત્રી આપી હતી.




રણ વિસ્તાર ધરાવતા બનાસકાંઠા જિલ્લામાં વરસાદ ઓછો અને અનિયમીત પડે છે તેથી જીવાદોરી સમાન દાંતીવાડા ડેમ દર વર્ષે ભરાતો નથી. જેમના કારણે ખેડૂતોને પિયત માટે પાણી મળતું નથી. જેથી છેલ્લા ૨૦-૨૫ વર્ષથી ડેમમાં નર્મદાના નીર વહાવવા ઉગ્ર રજુઆતો અને આંદોલનો થયા હતા. ચુંટણીમાં પણ આ મુદ્દો ચમકતો હતો. જેને ધ્યાને લઈ કાંકરેજના ચાંગાથી દાંતીવાડા ડેમ સુધી રૂા.૪૧૮ કરોડના ખર્ચે નર્મદાના નીર નાખવા પાઈપલાઈન નાખવામાં આવી છે. જેનું ગત ૧૦ મી એપ્રીલ ૨૦૧૫ ના રોજ તત્કાલીન મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ઉદ્ઘાટન કર્યું હતું. એ સાથે રૂા.૧૧૦ કરોડના ખર્ચે ડેમ આધારીત જુથ પાણી પુરવઠા યોજનાનું પણ લોકાર્પણ કરાયું હતું. જેમાં ડીસા, દાંતીવાડા, પાલનપુર અને અમીરગઢના ૧૨૩ ગામોને રીફાઈન પાણી અપાય છે પરંતુ ડેમમાં મુખ્યમંત્રીની એક કલાકની હાજરી સુધી પાઈપલાઈન દ્વારા પાણી આપ્યું હતું. જે પછી આજ દિન સુધી ડેમમાં પાણી આવ્યું નથી.

અનુસંધાન પાના નં.૬

CMYK

સૂર્યોદય - ૬.૨૭ સૂર્યાસ્ત - ૬.૫૭

## તિથિદર્શન

ચૈત્ર સુદ-૧૩ રવિવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૮, નામ સંવત્સર :દુર્મુખ નામ વીર જૈન સંવત ૨૫૪૩ ચૈત્ર સુદ:તેરસ રવિવાર નક્ષત્ર:ઉત્તર ફાલ્ગુની રાત્રે ૧.૫૪ પછી હસ્ત યોગ: વૃદ્ધિ કરણ : ગર આજે જન્મેલા બાળકની રાશી સીંહ (મ.ટ.) સવારે ૬.૫૨ પછી કન્યા (પ.ઠ.ણ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે. - જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન - સુરેશ પ્રા.ભટ્ટ

### નપ્રાપ્યમભિવાંછન્તિ નષ્ટં નેચ્છન્તિ સોચિતુમ આપત્સુ ચ ન મૃહન્તિ નરાઃ પંડિત બુદ્ધયઃ

'ડાહ્યા માણસો, જે વસ્તુ પ્રાપ્ત થઈ જ ન શકે એવી બાબતનો લોભ રાખી ઈચ્છા કરતા જ નથી, એને જે વસ્તુ નષ્ટ થઈ છે, નાશ પામી ગઈ છે, તૂટી-ફૂટી ગઈ , તેના વિશે શોક- દુઃખ પણ કરતા નથી. સુખમાં તટસ્થ રહે છેઃ દુઃખ માં હારી જઈ મૂંઝાઈ જતા નથી.' જિંદગીમાં સુખ- દુઃખ , હતાશા-નિરાશા, દબાણ- ડિપ્રેશન, જે કંઈ આવે છે તેના મૂળ કારણમાં આપણું ચંચળ મન છે. મનની એવી કામનાઓ હોય છે જે આત્માથી, શરીરની સંતોષી શકાય એવી હોય જ નહીં, આશા -અપેક્ષા-ઈચ્છાઓ નવરું બેઠું મન વિચારીને કલ્પનાના કિલ્લા ચણે છે. પણ નથી સાધના કે નથી સામગ્રી.

ચંદ્ર પર પગ મૂકવો, વિદેશપ્રવાસ વગેરે સામાન્ય, મધ્મ- માર્ગ, માણસની પહોંચ બહારની વાત છે, પોતાનાં રૂપ-કુળ-ધન-સંસ્કારની મર્યાદાથી વધારે ઈચ્છા રાખવી એ અર્થ વગરનું છે. કોલેજિયન, કેટરીનાની કલ્પના કરે કેટલું વાજબી?

બુદ્ધિમાન વ્યવહારની વાસ્તવિક પરિસ્થિતિ પ્રમાણે જ પગલાં ભરે છે. અશક્ય અપ્રાપ્યની અપેક્ષા જ શા માટે રાખવી?

## આપની આજ - કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)મનની મુરાદ બર ન આવે. જીવનસાથી અંગે ચિંતા રહે.**
**વૃષભ : (બ.વ.ઉ.)સામાજિક કાર્યમાં સફળતા રહે. આર્થિક પ્રશ્નોનો ઉકેલ મળે.**
**મિથુન : (ક.છ.ઘ.) ગૃહવિવાદ થાય. શેર-સટ્ટા, જામીનગીરી જેવા કાર્યમાં સાવચેતી રાખવી હિતાવહ.**
**કર્ક : (ડ.હ.)મનની મૂંઝવણ દૂર થાય. ભાઇ-બહેનથી લાભ મળે.**
**સિંહ : (મ.ટ.)કાર્યબોજ હળવો બને. ગૃહસ્થી જીવનમાં આનંદ રહે.**
**કન્યા : (પ.ઠ.ણ.)વાદ-વિવાદના ભોગ ન બનવું પડે તેની તકેદારી રાખવી. પ્રવાસ થાય.**
**વૃશ્ચિક :(ન.ય.)મનમાં અશાંતિ અનુભવાય. વ્યર્થ દોડા-દોડીના ભોગ બનવું પડે.**
**તુલા : (ર.ત.)આનંદ-ઉત્સાહમાં વધારો થાય. નવિન આર્થિક આયોજનમાં સફળતા મળે.**
**ધન : (ભ.ફ.ધ.)કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં રૂકાવટ આવે. વાણી સંયમ જાળવવો હિતાવહ.**
**મકર : (ખ.જ.)ધાર્યું કાર્ય થાય નહિં. માનસિક બોધરેશનમાં વધારો થાય.**
**કુંભ : (ગ.શ.સ.)ગૃહજીવનમાં આનંદ. પ્રવસા-મુસાફરી-પર્યટનથી લાભ.**
**મીન : (દ.ચ.જ.થ.) મૂંઝવણમાંથી માર્ગ મળે. કાર્યભારમાં હળવાશ અનુભવાય.**

## આજનો દિન મહાન - યશવંત કડીકર

જીવન અને ચિંતન તથા સંશોધનના મહાન પંડિત રાહુલ સાંકૃત્યાયનની જન્મજયંતી છે. એમનો જન્મ સંયુક્ત પ્રાંતમાં આવેલા આઝમગઢ જીલ્લાના કનૈલા ગામમાં તા.૯-૪-૧૮૯૩ના રોજ થયો હતો. ભારત સરકારે એમને 'પદ્મભૂષણ'નો ઈકલાબ આપી નવાજ્યા. રાહુલ સાંકૃત્યાયને રાજનીતી, ધર્મ,તત્વજ્ઞાન, યાત્રા,ઈતિહાસ, પુરાતત્વ, સમાજશાસ્ત્ર, જીવનચરિત્રો, નવલકથા, નાટકો, વગેરે ક્ષેત્રોમાં બસો જેટલી કૃતિઓ લખી છે. ચાર વાર તિબેટમાં જઈ તેમણે ૬,૦૦૦ જેટલા મુલ્યવાન પ્રાચીન,બૌદ્ધ હસ્તલિખિત ગ્રંથો એકડા કરેલા. જાપાન જઈને મોસ્કો, કોરિયા, ચીન મોગોલિયા, મધ્ય પશ્ચિમ એશિયા, યુરોપ ને ઈરાન માર્ગે તેમણે 'વોલ્ગાથી ગંગા' સુધીના વિશ્વપ્રવાસીનું બિરૂદ મેળવેલું.

આ મહાન પંડિતનું તા.૧૪-૪-૧૯૬૩ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# થરા પ્રાથમિક શાળા નં.૨ માં "એક શામ દીકરી કે નામ" વાર્ષિકોત્સવ ઉજવાયો

## "શહીદ ભગતસિંહ" નાટકે સૌને મંત્રમુગ્ધ કર્યા



યશપાલસિંહ ટી. વાઘેલા

તાલુકા પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકાના હૃદય સમા થરા નગરમાં થરા પ્રાથમિક શાળા નં.૨ માં "એક શામ દીકરી કે નામ" ૧૧ મો વાર્ષિક ઉત્સવ રંગેચંગે ઉજવાયો હતો. તા. ૬/૪/૨૦૧૭ ને ગુરુવારના રોજ જૈન દાદાવાડીના પરિસરમાં અમૃતભાઈ આલ (નાયબ મામલતદાર, ગાંધીનગર) ના અધ્યક્ષ પદે યોજાયો હતો. જેનું ઉદઘાટન થરા નગરપાલિકાના પ્રમુખ વિનોદજી આર. ઠાકોરે દીપ પ્રાગટ્ય કરી કર્યું હતું. થરાના અગ્રણી આધ્યાત્મિક વિચારસરણીવાળા એવા કાંતિલાલ શંકરલાલ ઠક્કરે આશિર્વચન પાઠવેલા. વાર્ષિક ઉત્સવમાં શાળાના નાના- નાના ભૂલકાઓએ પોતાના કૌશલ્યના કામણ પ્રાર્થના, સ્વાગતગીત તેમજ નાટક, માઈમ, રાસ- ગરબામાં પાથરી સૌ કોઈને મંત્રમુગ્ધ કર્યા હતા જિલ્લા પંચાયત સંચાલિત સરકારી પ્રાથમિક શાળાઓમાં પણ શ્રેષ્ઠ કામગીરી થાય છે, તે થરા પ્રાથમિક શાળા નં.૨ ના આચાર્ય તથા સ્ટાફની મહેનતથી કેળવાયેલા ભૂલકાએ સાબિત કરી બતાવ્યું હતું.

મહેમાનો તેમજ દાતાઓએ શાળાના વિકાસ માટે સંપૂર્ણ મદદ કરવાની ખાત્રી આપી હતી.

શાળાના આચાર્ય ચેહરાભાઈ ગુર્જર તથા સ્ટાફ પરિવારે સૌને ઉત્સાહભેર આવકારેલ. કાર્યક્રમનું સંચાલન પ્રહલાદભાઈ આચાર્ય અને નટુભાઈ સુથારે કર્યું હતું.

# જ્ઞાનજ્યોત પ્રા.શાળા પાલનપુરમાં વાલીમીટિંગ તેમજ ધો-૮ નો વિદાય સમારોહ

પાલનપુર

પાલનપુરની શ્રી ધાન્ધાર પંચાલ સેવ સમાજ સંચાલિત રતનબા- કુંવરબા બાલમંદિર અને જ્ઞાનજ્યોત પ્રા.શાળામાં તા. ૩૧/૦૩/૨૦૧૭ ને શુક્રવારના રોજ શાળાના આચાર્ય સનાતનભાઈ જોષી અને સિનિયર શિક્ષિકાબેન નયનાબેન પંચાલના આયોજન હેઠળ વાલી મિટીંગ તેમજ ધો-૮ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો. આ સમારંભમાં શાળાના ટ્રસ્ટી નટુભાઈ પંચાલ તથા કોકીલાબેન પંચાલ તેમજ સંસ્થાના ઉપપ્રમુખ દિનેશભાઈ પંચાલ અને સહમંત્રી ગિરીશભાઈ પંચાલ હાજર રહ્યા હતા.

આ સમારંભમાં શાળાના આચાર્ય સનાતનભાઈ જોષીએ આવનાર ટ્રસ્ટી તેમજ વાલીઓનું શાબ્દિક સ્વાગત કરી ધો-૮ ના વિદ્યાર્થીઓને આશીર્વચન આપ્યા હતા. તેમજ ટ્રસ્ટી નટુભાઈ તેમજ કોકીલાબેનએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને આશીર્વચન આપી બાળકોને પેન અને પુષ્પોથી પ્રોત્સાહિત કર્યા હતા. અને વાલીઓને યોગ્ય સલાહ-સુચન કર્યા હતા. આ કાર્યક્રમમાં શાળાના સિનિયર શિક્ષિકા નયનાબેન પંચાલે પ્રાથમિક શિક્ષણનું મહત્વ સમજાવી આગળ વધવાની પ્રેરણા આપી હતી. આ સંપુર્ણ કાર્યક્રમનું સંચાલન સાધુ રીટાબેન તેમજ આભારવિધિ પંચાલ ઉર્વશીબેને કરી હતી.

# આકોલી ઓગડનાથ મંદિરે ભજન-સત્સંગનો કાર્યક્રમ યોજાયો



સજ્જનસિંહ સોલંકી

પ્રતિનિધિ કંબોઈ

કાંકરેજ તાલુકાના આકોલી ઓગડ ચોક ખાતે ઓગડનાથ બાપાના મંદિરે નિવેધ પ્રસાદ અને ભજન- સત્સંગનો કાર્યક્રમ યોજાયો હતો. આ પાવન પ્રસંગે ડોડાણા નિવાસી સંત શ્રી ચેતનગીરી બાપુ તથા ઓગડનાથ મંદિરના પુજારી રાજુગીરી ગોસ્વામી, રેડીયો કલાકાર પ્રભાતભારથી (વડા) વસંતમીર (તબલચી) વિનોદમીર (કંબોઈ) વાલસિંહ સોલંકી સહિત આકોલી ભક્ત મંડળ અને વાઘેલા પરિવાર ઉપસ્થિત રહ્યો હતો. જેમાં દિકરીઓ દ્વારા સામૈયા કરી સંતો- ભક્તોને અબિલ- ગુલાલ અને કુમકુમ તિલક કરી સન્માનિત કર્યા હતા. તેમજ ભજન સત્સંગની મોજ માણી હતી. ઓગડનાથ ભગવાન વાઘેલા કુળ પરિવારના ઈષ્ટદેવ તરીકે પુજાય છે. જેઓ તેરવાડા, દેવદરબાર, થળીમાં તેમના જાગીરમઠો અત્યારે મોજુદ છે. જ્યાં હજારો અને લાખોની સંખ્યામાં લોકો દર્શન કરી ધન્યતા અનુભવે છે. આમ આકોલી ઓગડનાથ મંદિરમાં ભજનનો કાર્યક્રમ યોજાયો હતો.

### <u>૨૧ ખાંડ મિલો દ્વારા ઉત્તરપ્રદેશમાં કરાયેલા</u>

# કૌભાંડની યોગી સરકાર દ્વારા સીબીઆઈ તપાસ કરાવાશે

લખનૌ

ઉત્તરપ્રદેશ સરકારે વર્ષ ૨૦૧૦-૧૧માં રાજ્યની ૨૧ ખાંડ મિલો દ્વારા કરવામાં આવેલા વેચાણ અને તેમાં થયેલા ૧૧૦૦ કરોડના ગોટાળાની સીબીઆઈ તપાસ કરાવવાનો તખ્તો ઘડી નાંખ્યો છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ દ્વારા પોતાના કાર્યાલય ખાતે તાજેતરમાં ખાંડ ઉદ્યોગ સાથે સંકળાયેલા વરિષ્ઠ અધિકારીઓની એક મહત્વની બેઠક કરી હતી. આ બેઠકમાં તેમણે અધિકારીઓને એવો પણ નિર્દેશ આપ્યો છે કે, વર્ષ ૨૦૧૦-૧૧માં ઉત્તરપ્રદેશની ૨૧ જેટલી ખાંડ મિલો દ્વારા કરવામાં આવેલા વેચાણ અને તેમાં કથિત ૧૧૦૦ કરોડના ગોટાળા અંગે ઉંડી તપાસ કરવામાં આવે અને જો જરૂરી લાગે તો સીબીઆઈને પણ આ મામલે તપાસ કરવાની કહી શકાય છે. તેમણે કહ્યું કે, વર્ષ ૨૦૧૬-૧૭માં ખેડૂતો પાસેથી જે શેરડીનો જથ્થો લેવામાં આવ્યો હતો તે જથ્થાનું તેમને પુરેપુરુ વળતર ૨૩ એપ્રિલ સુધી કોઈપણ સંજોગોમાં કરી દેવામાં આવે. નિર્ધારિત સમય મર્યાદામાં શેરડીનું મૂલ્ય ન ચુકવી શકનારા ખાંડ મિલના માલિકો વિરુદ્ધ પોલીસ ફરિયાદ પણ કરવામાં આવશે. મુખ્યમંત્રીએ બંધ સહકારી ખાંડ મિલોને આગામી નાણાંકીય વર્ષ એટલે કે ૨૦૧૮-૧૯થી ફરી શરૂ કરવા જરૂરી વ્યવસ્થા અને કાર્યવાહી નિશ્ચિત સમયની અંદર કરવા માટે પણ આદેશો આપ્યા છે. તેમણે કહ્યું કે, વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં શેરડીના મૂલ્ય ભુગતાનની તુલનાત્મક સ્થિતિમાં ગત વર્ષની સરખામણીમાં આ વર્ષમાં ૭૯૧૮ કરોડ એટલે કે, ૨૧ ટકા વધુ મૂલ્ય ચુકવવામાં આવ્યુ છે. વર્તમાન સરકારે કાર્યભાર સંભાળ્યા બાદ વિવિધ શેરડી પકવતા ખેડૂતોને ૨૨૯ કરોડ રૂપિયાની ચુકવણી કરી છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, સમગ્ર પ્રદેશમાં શેરડી પકવતા ખેડૂતોની ફરિયાદોનું નિરાકરણ લાવવા માટે શેરડી વિકાસ વિભાગ દ્વારા એક ટોલ ફ્રી નંબર જારી કરવામાં આવશે.

# યુપીમાં ધર્મપરિવર્તન મામલે ચર્ચમાં ભારે હોબાળો કરાયો

મહારાજગંજ

યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના સંગઠન હિન્દુ યુવા વાહિનીના કાર્યકર્તાઓએ જિલ્લામાં આવેલા એક ચર્ચમાં ધર્માંતરણને લઈને જોરદાર હંગામો મચાવતા હંગામાને લઈને ચર્ચામાં ચાલી રહેલી પ્રાર્થના સભા પણ રોકી દીધી હતી. સંગઠનનો આરોપ છે કે, આ ચર્ચમાં કેટલાક વિદેશી નાગરિકો દ્વારા સ્થાનિકોને જબરજસ્તીથી ધર્મ પરિવર્તન કરાવવામાં આવી રહ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર મહારાજગંજ જિલ્લો યોગીના ગઢ ગોરખપુર સાથે જોડાયેલો છે. અહીં હિન્દુ યુવા વાહિની ખુબ જ સક્રિય છે. સ્થાનિક ચર્ચમાં પ્રાર્થના સભા ચાલી રહી હતી તે સમયે એક ડઝન જેટલા અમેરિકી પ્રવાસીઓ હાજર હતા. આ ઉપરાંત ૧૫૦થી વધુ સ્થાનિક લોકો પણ હાજર હતા. તે સમયે હિન્દુ યુવા વાહિનીના કાર્યકરો ત્યાં પહોંચ્યા હતા ત્યાં તેમણે બળજબરીથી ધર્માંતરણ કરાવવાનો આરોપ લગાવીને જોરદાર હંગામો મચાવ્યો હતો. આ હંગામાના પગલે ચર્ચમાં ચાલી રહેલી પ્રાર્થના સભાને પણ અધવચ્ચે રોકી દેવી પડી હતી. બીજી તરફ પોલીસને આ મામલાની જાણ થતા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી ત્યાં તેણે સ્થાનિક લોકો ઉપરાંત અમેરિકી નાગરિકો સાથે પણ વાતચીત કરી હતી. ચર્ચના સંચાલકનું કહેવું છે કે, અહીં કોઇ ધર્મ પરિવર્તનની પ્રવૃત્તિ કરાવવામાં આવતી નથી. બીજી તરફ હિન્દુ યુવા વાહિની દ્વારા આ મામલે મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરાશે તેમ કહ્યું છે.

# વડગામના યુવાને પુત્રના જન્મ દિવસની અનોખી ઉજવણી કરી



પુષ્કર ગોસ્વામી

તા. પ્રતિ (વડગામ)

વડગામના યુવા સમાજિક કાર્યકર સતિષભાઈ જે. ભોજકે તેમના પુત્ર રૂદ્રના જન્મ દિવસની ગતરોજ અનોખી ઉજવણી કરી હતી. વાલ્મીકીવાસના ભૂલકાંઓને આઈસ્ક્રીમ વિતરણ કરી સદ્‌ભાવના વ્યક્ત કરી હતી. આ પ્રસંગે વડગામના યુવા અગ્રણી ભરતભાઈ પ્રજાપતિ, મનુભાઈ વ્યાસ, દિપકભાઈ પુરબિયા, ગણેશભાઈ પુરબિયા, પંકજભાઈ પુરબિયા, પૂર્વ આચાર્ય દલાભાઈ પુરબિયા, મગરવાડા પ્રા.શાળાના આચાર્ય દલાભાઈ પુરબિયા સહિત ગ્રામજનો મોટી સંખ્યામા જોડાયા હતા. વાલ્મીકી પરિવારના વડીલો - બાળકોએ રૂદ્રના જન્મદિવસની શુભકામના વ્યક્ત કરી હતી.

# છાપી ગાયત્રી મંદિરમાં પંચકુંડી યજ્ઞ યોજાયો



સુરેશ અગ્રવાલ

પ્રતિ. છાપી

વડગામના છાપી ખાતે આવેલ ગાયત્રી શક્તિપીઠ ખાતે ચૈત્રી નવરાત્રીની પૂર્ણાહુતિ થતાં પંચકુંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રતિવર્ષની જેમ આ વખતે પણ ચૈત્રી નવરાત્રી પ્રસંગે ગાયત્રી પરિવારના પરિજનો દ્વારા નવરાત્રીના નવ દિવસ અનુષ્ઠાન કર્યા બાદ શનિવારે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ પંચકુંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાયત્રી પરિવારના પરિજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી યજ્ઞમાં આહુતિ આપી ધન્યતા અનુભવી હતી. આ સમગ્ર યજ્ઞનું આયોજન ગાયત્રી ઉપાસક હર્ષદભાઈ બારોટ, રાજુભાઈ મોદી અને જયેશભાઈ જોષી દ્વારા કરવામાં આવ્યું હતું.

# આપની પાર્ટીમાં ચુકવાયેલ રકમની તપાસની માંગણી

નવીદિલ્હી

આમ આદમી પાર્ટીના સર્વેસર્વા અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ વધુ એક મુસીબતમાં મુકાયા છે જ્યાં તેમણે પક્ષના કાર્યક્રમમાં પિરસવામાં આવેલી એક ડિશના ૧૨૦૦૦ રૂપિયાની ચુકવણી કરી હોવાનો મામલો ઉજાગર થતાં આ મામલે ભાજપે આક્રમક વલણ અપનાવી તેની તપાસ કરાવવાની માંગ કરી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર આમ આદમી પાર્ટી દ્વારા મુખ્યમંત્રી કેજરીવાલના નિવાસસ્થાને ૧૨મી ફેબ્રુઆરી ૨૦૧૬ના દિવસે કેજરીવાલ સરકારને એક વર્ષ પુરુ થવા નિમિત્તે એક શાનદાર ભોજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન જે મહેમાનો અને આમંત્રિતોને બોલાવવામાં આવ્યા હતા તેમને જે થાળી પિરસવામાં આવી હતી તે થાળીની સામે એક થાળીદીઠ રૂપિયા ૧૨૦૦૦નું ચુકવણું કરવામાં આવી હોવાની વિગતો ખુલતા જ ભાજપ દ્વારા આકરા પ્રહાર કરવામાં આવ્યા છે. દિલ્હીમાં આગામી સમયમાં એમસીડીની ચૂંટણી આવી રહી છે તે અગાઉ આ મામલે ભાજપ આમ આદમી પાર્ટીની વોટબેંક ઝીનવી લેવાના પ્રયાસમાં છે અને તેથી જ પ્રદેશ અધ્યક્ષ મનોજ તિવારીએ પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, મને તો એમ હતું કે, પ્રતિ થાળી ૧૨૦૦ રૂપિયા ચુકવાયા હશે પરંતુ આ રકમ તો ૧૨૦૦૦ પણ વધુ હતી જે કરદાતાઓના રૂપિયા છે. સત્તા સ્થાને બેઠેલા પ્રધાનમંત્રી કે રાષ્ટ્રપતિ તરફથી આપવામાં આવતી પાર્ટીમાં પણ આટલી મોંઘી ડિશ પિરસાતી નથી જેથી તપાસ થવી જોઈએ.

# રાજ્યભરના મોટાભાગના શહેરોમાં તાપમાનમાં ઘટાડો

અમદાવાદ

રાજ્યમાં મોટાભાગના વિસ્તારોમાં આગામી દિવસ દરમિયાન તાપમાનમાં ખાસ કોઇ ફેરફાર નોંધાવવા નહીં પામે. ઉત્તર પૂર્વ દિશા તરફ ફુંકાતા પવનોને લઇ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં તાપમાનનો પારો નીચો જોવા મળી શકે છે. મોટાભાગે આકાશ સ્વચ્છ રહેશે. અમદાવાદ શહેરનું આજનું મહત્તમ તાપમાન ૩૭.૫ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૬.૨ ડિગ્રી નોધાવવા પામ્યું છે. રાજ્યમાં આજે મહત્તમ તાપમાન ઈડર ખાતે અને સુરેન્દ્રનગર ખાતે નોંધાવવા પામ્યું હતું. આ બંને શહેરોમાં મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી સેલ્સિયસ જોવા મળ્યું હતું. જ્યારે બાકીના અન્ય વિસ્તારોમાં તાપમાનમાં કોઇ ખાસ નોંધપાત્ર વધારો જોવા મળ્યો ન હતો. રાજ્યના પાટનગર ગાંધીનગર ખાતે આજે મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાવવા પામ્યું હતું. રાજ્યમાં દિવસના ભાગમાં ગરમી અને સાંજ પછી ઠંડા પવનો ફુંકાતા જોવા મળી રહ્યા છે. આજે બપોરના ગાળામાં પણ લોકો સાવચેત રહ્યા હતા અને બિનજરૂરી રીતે બહાર નીકળવાનું ટાળ્યું હતું. સૌરાષ્ટ્રના કચ્છમાં લોકો ભારે મુશ્કેલી અનુભવી રહ્યા છે. સરકારી હોસ્પિટલોમાં હીટવેવની અસર અને લુ લાગવાના કિસ્સાનું પ્રમાણ વધી રહ્યું છે. પાણીજન્ય રોગના કેસોમાં વધારો થવાના સંકેત પણ દેખાઈ રહ્યા છે. તંત્ર દ્વારા વિવિધ પગલાં લેવાઈ રહ્યા હોવા છતાં પાણીજન્ય રોગના કેસો વધી રહ્યા છે. ગરમીનું પ્રમાણ ઘટ્યું હોવા છતાં દિવસ દરમ્યાન પંખા અને એસીનો ભરપુર ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તીવ્ર ગરમીની સીઝનમાં પાણીજન્ય રોગના કેસમાં વધુ વધારો થવાના સંકેત છે. બીજી બાજુ બપોરના ગાળામાં તીવ્ર તાપનો અનુભવ લોકો કરી રહ્યા છે. જેથી તમામ જગ્યાઓ ઉપર એસી અને પંખાનો ભરપુર ઉપયોગ થઈ રહ્યો છે.

# દીઓદર ખાતે શ્રી સિકોતર માતાજી લીમડાવાળીની રમેલ યોજાઈ



અશોક શેઠ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

બનાસકાંઠા જીલ્લામાં તેમજ ઉત્તર ગુજરાતમાં ચૈત્ર માસને લઈને હિન્દુ ધર્મના લોકો દેવ દેવતાઓની રમેલ કરતા હોય છે.ત્યારે દીઓદર ગોકુળનગર સોસાયટીમાં આવેલ શ્રી સિકોતર માતાજી (લીમડાવાળી) ના મંદિરે ચૈત્ર સુદ-૮ને તા.૫-૪-૨૦૧૭ના રોજ રાત્રે તોણેચા પરિવાર દ્વારા રમેલ કરવામાં આવી હતી.જેમાં દીઓદર શહેરના ભુવાજીઓએ વેણ વધાવા લઈને આર્શીવાદ પાઠવ્યા હતા અને આખી રાત શ્રી સિકોતર માતાજીની રેગડીઓ દ્વારા ગુણલા ગાયા હતા.ત્યારબાદ ચૈત્ર સુદ-૯ને તા.૬-૪-૨૦૧૭ના રોજ સવારે તેલ ફુલ ચડાવ્યા હતાં.આ પ્રસંગે મંત્રી શ્રી કેશાજી ચૌહાણ, દીઓદર સરપંચ ગીરીરાજસિંહજી વાઘેલા, જે.બી.દોશી, ભવાનજી ઠાકોર, ચેલાભાઈ પટેલ, ભરતભાઈ અખાણી, પ્રદિપ સી.મહેતા, શૈલેષભાઈ ઠક્કર,હરદાસજી ઠાકોર, નાગજીભાઈ દેસાઈ, નારણભાઈ પ્રજાપતિ સહિત મોટી સંખ્યામાં ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહીને ભોજન પ્રસાદ લીધો હતો.

# ડીસામાં ડાયરો યોજાશે



ભરત સુંદેશા

શ્રી રોકડીયા હનુમાનજી મંદિર, (ગાંધીચોક) ડીસા ખાતે આગામી તા.૧૧-૪-૨૦૧૭ ને મંગળવારના રોજ રાત્રે ૯.૩૦ કલાકે હનુમાન જયંતિ નિમિત્તે સંતવાણી ડાયરાનુ આયોજન રાખેલ છે. જેમાં આશુતોષભાઈ દવેની કંપની ડાયરાની રમઝટ જમાવશે. તો દરેક ધર્મપ્રેમી જનતાને ડાયરામાં પધારવા અનુરોધ કરાયો છે.

# ભાભરમાં આંગણવાડી બહેનોની મીટીંગ યોજાઈ



વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિનિધિ ભાભર

ભાભર તાલુકા પંચાયત હોલ ખાતે આંગણવાડી બહેનોની મીટીંગ યોજાઈ હતી. આંગણવાડી કાર્ય કરતા બહેનોની અંધજન મંડળ અમદાવાદ દ્વારા મીટીંગ રાખવામાં આવી હતી. જેમાં સીડીપીઓ કલ્પનાબેન પટેલ હાજર રહ્યા હતા. તેમજ સુ.વા. પાર્વતીબહેન, શારદાબેન અંધજન મંડળ પાલનપુરની ટીમના હસમુખભાઈ પ્રજાપતિ હાજર રહીને દિવ્યાંગના પ્રકાર, વિવિધ સરકારી લાભો, વિસ્તૃત માહિતીઓ આપવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં આશા બહેનો હાજર રહી માહિતી લીધી હતી.

# પડતર કેસોના નિરાકરણ માટે ચીફજસ્ટિસની અનોખી પહેલ

અમદાવાદ

ગુજરાત હાઈકોર્ટ સહિત દેશભરની કોર્ટોમાં પડતર કેસોની સંખ્યા દિન-પ્રતિદિન વધતી જ જાય છે. લોઅર જ્યુડીશરીથી લઇ હાઇકોર્ટ જજીસને કેસોના ઝડપી અને અસરકારક નિકાલ માટે ખુદ સુપ્રીમકોર્ટના ચીફ જસ્ટિસ પણ હિમાયત કરતા આવ્યા છે. હાઇકોર્ટ જજીસથી લઇ સંબંધિત સત્તાવાળાઓ કેસોના ઝડપી નિકાલ માટે શકય તમામ પ્રતત્નો હાથ ધરી રહ્યા છે ત્યારે ગુજરાત હાઇકોર્ટના ચીફ જસ્ટિસ આર.સુભાષ રેડ્ડીએ હાઇકોર્ટમાં ઘણા વર્ષોથી પડતર ફાઇનલ હીયરીંગના કેસોના નિકાલ માટે અનોખી પહેલ હાથ ધરી છે.

હાઇકોર્ટના ચીફ જસ્ટિસે ગુજરાત હાઇકોર્ટ એડવોકેટ્સ એસોસીએશનના પ્રમુખને બોલાવી જો વકીલો તૈયાર થતા હોય તો હાઇકોર્ટમાં ઉનાળુ વેકેશનના પ્રથમ સપ્તાહમાં હાઇકોર્ટ ચાલુ રાખી તેમ જ તમામ જજીસ પણ તેમનું કાર્ય ચાલુ રાખી ફાઇનલ હીયરીંગના પડતર કેસોનો નિકાલ કરવાના મતમાં છે. પક્ષકારોની મુશ્કેલીઓને ધ્યાનમાં રાખી ચીફ જસ્ટિસ દ્વારા રજૂ થયેલી દરખાસ્ત ખરેખર સરાહનીય છે. ચીફ જસ્ટિસની આ દરખાસ્ત પરત્વે પણ હાઇકોર્ટ એડવોકેટ્સ એસોસીએશનના પ્રમુખે હકારાત્કમ પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે, તેઓ ફાઇનલ હીયરીંગના કેસોના નિકાલ માટે હાઇકોર્ટમાં નોટિસ બોર્ડ પર તા.૧૦મી એપ્રિલના રોજ આ અંગેની સૂચના મૂકશે અને વકીલોના પ્રતિભાવ તેમ જ ઈચ્છા જાણી અભિપ્રાય મંગાવશે.

# નિઃશુલ્ક પિત્તાશયની પથરીનું નિદાન તેમજ રાહત દરે ઓપરેશનનો કેમ્પ

અમદાવાદ

ડૉ. જીવરાજ મહેતા સ્મારક હેલ્થ ફાઉન્ડેશન બેકરી મેડીકલ રીસર્ચ સેન્ટર તે ૨૦૨ બેડ ધરાવતી મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ શહેરના પશ્ચિમ વિભાગમાં મધ્યમ વર્ગીય દર્દીઓની સેવાને અનુલક્ષીને તા.૯, ૧૬, ૨૩ અને ૩૦-૪-૨૦૧૭ ના ચાર રવિવારના રોજ સવારે ૧૦ થી ૧૨ દરમિયાન નિઃશુલ્ક પિત્તાશયની પથરીનો નિદાન કેમ્પ તેમજ અત્યંત રાહત દરે તેના ઈલાજનો કેમ્પ હોસ્પિટલ ખાતે રાખવામાં આવેલો છે.

# થરાદ પોલીસે કારચાલકને પર૪ બોટલ સાથે ઝડપ્યો



પ્રતિનિધિ થરાદ

બનાસકાંઠના સરહદી તાલુકા મથક થરાદના માર્ગો પરથી બુટલેગરો દ્વારા વિદેશી દારૂની બેફામ હેરાફેરી કરવામાં આવે છે.આજે સવારે થરાદ પોલીસ મથકના મદદનીશ એસ પી ને ખાનગી બાતમી મળતાં તેમણે પીએસ આઇ ચૌધરીને આપેલ સુચના મુજબ નાગલા ગામની નર્મદાની નહેર પર નાકાબંધી કરી હતી.આ વખતે GJ 1 PP 3540 નંબરની મારૂતી કાર આવી હતી.પોલીસે તેને રોકાવવા માટે ઈશારો કરતાં પોલીસને દેખીને કાર મારી મુકી હતી.એટલે પોલીસે ફિલ્મીઢબે કારનો પીછો કરી થરાદ વાવ હાઈવે પાસેના દુધ શીત કેન્દ્ર પાસે કારને આંતરી હતી.કારમાંથી પોલીસને હાથ તાળી આપીને બે માણસો ભાગી ગયા હતા જ્યારે એક પોલીસના હાથે પકડાઇ ગયો હતો.જેની પાસે થી નાસી છુટેલો મીઠાનો હોવાનું જાણવા મળ્યું હતું.પોલીસે કારની તલાશી લીધી હતી.જેમાંથી વિદેશી દારૂની પેટી અને છુટક મળીને કુલ પર૪ બોટલો મળી આવી હતી.પોલીસે ૮૨૪૦૦ નો મુદ્દામાલ કબજે લીધો હતો.જેમાં ૩૦ હજારની ગાડીનો સમાવેશ થતો હતો.પોલીસે તમામની સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.અ બનાવથી બુટલેગરોમાં ચકચાર મચવા પામ્યો હતો.થરાદના મદદનીશ એ એસ પીએ તાલુકાના પ્રજાજનોને તેમના આજુબાજુ ચાલતી આવી કોઇ પણ પ્રકારની અસામાજીક પ્રવૃતી માટે પોતાને જાણ કરવાની પણ આવતાંની સાથે જ પ્રજાજનોને સુચન કર્યું હતું.

# દીઓદર તાલુકામાં ૧૬ ગ્રામ પંચાયતની ચુંટણીમાં ૮૮.૭૯ ટકા મતદાન

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર તાલુકામાં ૧૬ ગ્રામ પંચાયતોની સરપંચ પદ અને સભ્યો માટેની આજરોજ ચુંટણી યોજવામાં આવેલ.સવારથી જ

**ગ્રામ પંચાયતમાં થયેલ મતદાન**

| ગામ | કુલ મતદારો | થયેલ મતદાન | ટકા |
|---|---|---|---|
| સેસણ નવા | ૭૫૫ | ૭૨૦ | ૯૫.૩૬ |
| સેસણ જુના | ૫૩૬ | ૪૭૭ | ૮૮.૯૯ |
| જાલોઢા | ૩૨૦૫ | ૨૮૫૦ | ૮૮.૯૨ |
| સુરાણા | ૨૧૫૦ | ૧૯૭૭ | ૯૧.૯૯ |
| સોની | ૨૩૨૦ | ૧૮૫૦ | ૭૯.૭૪ |
| સરદારપુરા(જ.) | ૧૯૭૦ | ૧૭૦૦ | ૮૬.૨૯ |
| ધુણસોલ | ૧૪૫૫ | ૧૩૩૩ | ૯૧.૬૨ |
| ચીભડા | ૩૨૧૮ | ૨૯૨૭ | ૯૦.૯૬ |
| કોટડા(ફો) | ૧૭૯૨ | ૧૫૪૮ | ૮૬.૩૮ |
| સણાવ | ૧૪૮૯ | ૧૩૩૪ | ૮૯.૫૯ |
| લીલાધર | ૧૦૪૮ | ૯૫૮ | ૯૧.૪૧ |
| ફુચકવાડા | ૨૬૮૮ | ૨૪૪૪ | ૯૦.૯૨ |
| વાતમ નવા | ૧૯૪૩ | ૧૭૯૧ | ૯૨.૪૯ |
| વાતમ જુના | ૧૨૮૩ | ૧૦૫૭ | ૮૨.૩૯ |
| ગોલવી | ૧૨૧૬ | ૧૦૭૦ | ૮૭.૯૯ |
| ગોલવી જુના | ૧૨૮૭ | ૧૧૪૯ | ૮૯.૦૪ |



ગ્રામીણ વિસ્તારમાં મતદાન કરવા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડેલ.સ્થાનિક પંચાયતની ચુંટણી હોઈ મતદારોમાં ભારે ઉત્સાહ દેખાઈ રહ્યો હતો.૧૬ ગ્રામ પંચાયતની ચુંટણીમાં સરપંચ પદ માટે ૫૩ ઉમેદવારોનું તથા સભ્યો માટેના ૧૨૮ ઉમેદવારોનું ભાવી ઈવીએમ મશીનમાં ફીટ થઈ ગયેલ છે.દીઓદર તાલુકાના ૧૬ ગ્રામ પંચાયતોની ચુંટણીમાં ૪૦ બુથ પર સરપંચોના અને ૩૯ બુથ પર ઈ.વી.એમ.દ્વારા મતદાન યોજાયેલ.મતદાન કામગીરી પૂર્ણ કરવા ૩૫૦ જેટલો સ્ટાફ ખડેપગે હાજર રહેલ.સૌથી વધુ ઈ.વી.એમ.જસાલીમાં ૫ નંગ હતા જ્યારે સૌથી વધુ ઉમેદવારો સોની ગ્રામ પંચાયતમાં હતા.ઈ.વી.એમ.મશીનમાં નોટોનું બટન પણ હોઈ લોકોએ તેનો ઉપયોગ પણ કરેલ હોવાનું જણાય છે.



અશોક શેઠ

તા.૧૧ના રોજ મતદાન ગણતરી હાથ ધરાશે.ગ્રામ પંચાયતની ગત ચુંટણીઓ બેલેટ પેપરથી યોજાયેલ પરંતુ આ ચુંટણીઓ ઈ.વી.એમ. મશીનથી યોજા ઈરહી હોઈ લોકોમાં થોડી દ્વિધા દેખાઈ રહી હતી.ચુંટણીમાં કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તે માટે વહીવટી તંત્ર દ્વારા તકેદારી રાખવામાં આવી હતી.તાલુકામાં શાંતિપૂર્ણ રીતે મતદાન યોજાતાં વહીવટી તંત્રએ હાશકારો અનુભવેલ.સ્થાનિક ચુંટણીઓ હોઈ લોકોમાં ભારે ઉત્સાહ જણાતો હતો. દિયોદર તાલુકાના ૧૬ ગ્રામ પંચાયતના ૨૮૩૫૫ મતદારો પૈકી ૨૫૧૭૮ મતદારોએ મતદાન કરેલ. આમ ૮૮.૭૯ ટકા મતદાન થવા પામ્યું હતું. સૌથી વધુ મતદાન સેસણ નવામાં ૯૫.૩૬ થવા પામેલ જ્યારે સૌથી ઓછુ મતદાન સોની-૨ માં ૭૯.૭૪ ટકા થવા પામેલ.

# થરાદ તાલુકામાં રસાકસી ભર્યા માહોલમાં ચુંટણી યોજાઇ

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકાના દસ ગામોની પંચાયતોની ચુંટણીઓ યોજનાર હતી.જેમાંથી ઈઢાટા,ઉંદરાણા અને ઘેસડા બિનહરીફ બની હતી.આથી ગતરોજ સવારે થરાદ તાલુકાના દસ માંથી સાત ગામોની પંચાયતોની ચુંટણી રસાકસી ભર્યા માહોલમાં યોજાવા પામી હતી.વહેલી સવારથી જ મતદાન માટે મતદારોની લાઇનો જામી હતી.ચુંટણી વિભાગના અધિકારી વિનોદભાઇ ગોકલાણીના જણાવ્યા મુજબ સવારે આઠથી દસ વાગ્યા વચ્ચે ૩૯.૩૩ ટકા પુરૂષ અને ૨૪.૬ ટકા મહિલાઓએ મળીને કુલ ૩૨.૩૩ ટકા અને બાર વાગ્યા સુધીમાં ૬૪.૫ ટકા અને સાંજે ચાર વાગ્યા સુધીમાં ૮૩.૬ ટકા મતદારોએ મતદાન કર્યું હતું.થરાદ તાલુકાના ગામોમાં નિષ્પક્ષ અને ભય વગરના માહોલમાં ચૂંટણી થઇ શકે તે માટે નવાનિમાયેલા મદદનીશ એસ પી અને બે પીએસઆઇ એ ચુસ્ત પેટ્રોલીંગ અને સ્ટાફ સાથે બંદોબસ્ત ગોઠવ્યો હતો.ગામડાંઓમાં મતદારોએ ભારે રસ્સાકસ્સી ભર્યા માહોલમાં મતદાન કરતાં ઘરડા મતદારોને પણ મતદાન કરવા ખેંચી લાવ્યા હતા.૧૧મી એપ્રિલના રોજ થરાદના જાણદી, જાંદલા, ઘંટીયાળી, નાનોલ, ડેલ, જામપુર, રાજકોટ ગામોના સરપંચ અને ઉમેદવારોનું ભાવી નક્કી થશે.જેમાં ૭ પંચાયતના ૧૮ ઉમેદવારો સરપંચ પદ માટે હતા. તથા ૧૪ ઉમેદવારો વચ્ચે ચુંટણી યોજાઇ હતી.

# જુની ભીલડી ગ્રામ પંચાયતની ચૂંટણી શાંતિમય માહોલમાં સંપન્ન

## ૩૬૭૧ મતદારોમાંથી ૨૯૧૨ મતદાતાઓએ મતદાન કરતાં ૭૯.૩૨ ટકા મતદાન

પ્રતિ. (ભીલડી)

ડીસા તાલુકામાં તાજેતરમાં પંચાયત મુદત પૂરી થઈ હોય તેથી ગ્રામ પંચાયતોની ચૂંટણીનું જાહેરનામુ બહાર પડતા કુલ ૧૧ ગ્રામ પંચાયતોમાંથી ૪ ગ્રામ પંચાયતો બીનહરીફ થતા ૭ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાઈ હતી. જેમાં જુની ભીલડી, ભાદરા, નવા નેસડા, ગુગળ, રાણપુર,ઉ.વાસ, વાસણા (જુ.ડી) તથા કાંટ ગ્રામ પંચાયતોની ચૂંટણી ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે યોજવામાં આવી હતી.

જેમાં જુની ભીલડી ગ્રામ પંચાયતના કુલ ચાર બુથમાં શાંતિમય મહોલમાં મતદાન થયું હતું. સવારમાં મતદાન બુથો પર મતદારોએ લાઈનો લગાવી ઉત્સુકતાથી મતદાન કરતા જોવા મળ્યા હતા. જેમાં સાંજે ૫:૩૦ વાગ્યા સુધીમાં બુથ નં.૧ માંથી કુલ ૭૦૩ માંથી ૫૮૩ મતદારો, બુથ નં.૨ માંથી ૧૦૫૬ માંથી ૭૭૯, બુથ નં.૩ માંથી ૮૨૯ માંથી ૮૫૦ જ્યારે બુથ નં. ૪ માંથી ૭૦૩ માંથી ૫૮૩ મતદારોએ મતદાન કરતાં કુલ ૩૬૭૧ મતદારો માંથી ૨૯૧૨ મતદાતાઓએ મતદાન કરતા ૭૯.૩૨ ટકા જેટલું મતદાન થયું હતું. જેમાં બે ઉમેદવારોમાં મનુભાઈ હરગોવનભાઈ જોષી તેમજ ઠાકોર જોરજી મોહનજીનું ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા છે.

# વેટરનરીનાં વિદ્યાર્થીઓના ઇન્ટર્નશિપ સ્ટાઈપેન્ડમાં વધારો



ઈશ્વર રબારી

### વિદ્યાર્થીઓને હાઈકોર્ટના ચુકાદા મુજબનું સ્ટાઈપન્ડ મળવાની આશા

પ્રતિનિધિ દાંતીવાડા

ગુજરાત રાજયની કૃષિ યુનિવર્સીટીમાં વેટરનરીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ઈન્ટર્નશિપ દરમિયાન માત્ર ૩૦૦૦ રૂા. સ્ટાઈપન્ડ આપવામાં આવતું હતું જ્યારે વેટરનરીમાં અભ્યાસ કરતા ૮૦ ટકા વિદ્યાર્થીઓ ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલા પરિવારમાંથી આવતા હોય છે ઉપરાંત વેટરનરીના વિદ્યાર્થીઓને ઈન્ટર્નશિપ દરમિયાન રાજયના જુદા જુદા સ્થળે ટ્રેનિંગ અર્થે સ્વ ખર્ચે જવાનું હોય છે જેના માટે થતો મુસાફરી થતું ખર્ચ , રહેવાનો ખર્ચ તેમજ જમવાનો ખર્ચ અત્યારના સમયમાં વિદ્યાર્થીઓને ૩૦૦૦ રૂપિયામાં પાલવે તેમ નહોતો તદઉપરાંત દિલ્હીની વડી અદાલત દ્વારા ચુકાદો આપવામાં આવેલ છે કે એમ.બી.બી.એસ અને વેટરનરી એક સમકક્ષ કોર્ષ છે જેથી આ બંને તબીબી ક્ષેત્ર સાથે સંકળાયેલ વિદ્યાર્થીઓને ઈન્ટર્નશિપમાં એક સમાન સ્ટાઈપન્ડ આપવું અર્થાત વેટરનરીના વિદ્યાર્થીઓને કોઈપણ રીતે એમ.બી.બી.એસ ના વિદ્યાર્થીઓથી નીચા આંકી શકાય નહી

અનુસંધાન પાના નં.૬

# ભાભર તાલુકાની ૧૬ ગ્રામ પંચાયતની ચૂંટણીનું મતદાન પૂર્ણ



વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિ ભાભર

ભાભર તાલુકાની ૧૬ ગ્રામ પંચાયતોની ચૂંટણીનું મતદાન યોજાયું હતું. ચૂંટણીમાં સરપંચ પદની ૧૬ બેઠકમાં ૮૩ ઉમેદવાર અને સભ્યપદે ૨૧૭ ઉમેદવારો મેદાનમાં છે. જેનો ફેસલો ગતરોજ મતદારોએ મતદાન મથક ઉપર કરી દીધો છે.ફેસલો મતગણતરીએ જોવા મળશે. ગતરોજ મતદાનના દિવસે સવારથી ઉમેદવારો અને તેમના સમર્થકોએ પોતાના તરફી મતદાન માટે પ્રયાસો હાથ ધર્યા હતા. પુરતો પોલીસ બંદોબસ્તથી ચૂંટણીનું મતદાન શાંતિપૂર્ણ રહ્યું હતું.

# ધાનેરાની ૩૨ ગ્રામ પંચાયતોનું ૮૬.૧૭ ટકા મતદાન



એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા તાલુકાની ૩ ગ્રામ પંચાયતો સમરસ થતા બાકીની ૩૨ ગ્રામ પંચાયતોની ચૂંટણીનો ખરાખરીનો જંગ ખેલાયો હતો. તેથી ગઈકાલે સવારે ૮ કલાકે મતદાન શરૂ થતા જ મતદાન બુથો ઉપર મતદારોની લાંબી- લાંબી લાઈનો લાગી ગઈ હતી. ઉમેદવારો અને તેમના સમર્થકોએ આખો દિવસ પોતાના તરફી મતદાન માટે દોડાદોડી કરી હતી. તેથી ચોમેર લોકોના ટોળેટોળા નજરે પડતા હતા. જો કે ચુસ્ત પોલીસ બંદોબસ્તના કારણે મતદાન સુખરૂપ સંપન્ન થયું હતું. જો કે અનાપુર છોટા, વાસડા તેમજ અન્ય કેટલાક ગામોમાં ગરમા ગરમીનો માહોલ જોવા મળ્યો હતો.

# વડગામ તા.ના પાંચ ગામોની ચૂંટણીનું મતદાન સંપન્ન



પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

વડગામ તાલુકાની પિલૂચા- નાગરપુરા- આમદપુરા(ધો) ત્રણ વિભાજનવાળી અને હરદેવાસણા, નવિસેંધણી બે સામાન્ય કુલ પાંચ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ગઈકાલ તા. ૮/૪/૧૭ શનિવારે મતદાન પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેમાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ થયું હોવાનું મામલતદાર જી.બી.પંચાલે જણાવ્યું હતું.

ચૂંટણી અધિકારી હનિફભાઈ હિંગોરચા દ્વારા ગતરોજ વહેલી સવારથી જ મતદાન મથકો ઉપર ચોંપતા પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. સવારે અગિયાર વાગ્યા સુધી મતદાન મથકોએ લાંબી લાંબી લાઈનો જોવા મળી હતી. આમદપુરા(ધો.)માં સરપંચના ત્રણ ઉમેદવારો તથા વોર્ડ નં.૩ ના બે ઉમેદવારો અને હરદેવાસણા, નવીસેંધણી- સરપંચના કુલ નવ ઉમેદવારો અને વોર્ડોના કુલ સત્તર ઉમેદવારોનું ભાવિ ઈવીએમ મશીનમાં સીલ થઈ ગયું છે.

# ઝાલમોર પંચાયતની સરપંચની ચૂંટણીમાં ૮૭ ટકા મતદાન



મહાદેવ પરમાર

પ્રતિનિધિ રવિયાણા

કાંકરેજ તાલુકાની ઝાલમોર ગ્રામ પંચાયતની સરપંચ પદની ચૂંટણીનું મતદાન યોજાયેલ. જેમાં મતદાતાઓ શાંતિપૂર્ણ મતદાન કરતા નજરે પડેલ સરપંચ પદના ઉમેદવારોમાં ૩ મહિલા ઉમેદવારોનું ભાવિ ઈ.વી.એમ.માં સીલ થઈ ગયેલ. પંચાયતનું સરેરાશ અંદાજ મતદાન ૮૭% ટકા થયેલ હોવાનું જાણવા મળે છે.

# રતનગઢ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ૯૧ % મતદાન



મહાદેવ પરમાર

પ્રતિનિધિ રવિયાણા

કાંકરેજની રતનગઢ ગ્રામ પંચાયતની સરપંચ પદ માટેની ૩ ઉમેદવારોની ચૂંટણી ગઈકાલે તા. ૮/૪/૨૦૧૭ ના દિવસે શાંતિપૂર્ણ માહોલમાં યોજાયેલ. જેમાં અંદાજે ૯૧ % મતદાન થયેલ. જેમાં રતનગઢના ૩ ઉમેદવારોનું ભાવિ ઈ.વી.એમ.માં શીલ થયેલ. જેની મતગણતરી તા. ૧૧/૪/૧૭ ના રોજ તાલુકા મથકે કરવામાં આવશે.

# વડગામ તા.પં.પ્રમુખની પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ સાથે મુલાકાત



પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

વડગામ તાલુકા પંચાયત પ્રમુખ માનસંગભાઈ જે. ઉપલાણાએ તાજેતરમાં ગુ.પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીની મુલાકાત કરી હતી. જેમાં વડગામ તાલુકાના ખેડૂતોના જટીલ પ્રશ્નો- સિંચાઈ વગેરે બાબતોની ચર્ચા કરી હતી. પ્રદેશ પ્રમુખ સાથે તા.પં.પ્રમુખની મુલાકાત શુભેચ્છા મુલાકાત હતી તેવું વડગામ વિધાનસભા ઈનચાર્જ અજિતસિંહ હડિયોલે જણાવ્યું હતું.

# ડીસામાં લોધા સમાજ દ્વારા ચૈત્રી નવરાત્રી પર્વના અનોખી રીતે શક્તિની આરાધના

## લોધા સમાજની ભાષામાં ગવાતી માતાજીની સ્તુતિ (અચરી)



ભરત સુંદેશા

ડીસા

ચૈત્રી નવરાત્રી શક્તિ આરાધનાનો એક અનોખો અવસર છે. વિવિધ સમાજો અને પ્રાંતોમાં વિવિધ પરંપરા અને આગવી પ્રણાલિકાથી શક્તિની ઉપાસના કરવામાં આવે છે. ત્યારે ડીસા શહેરમાં અંગ્રેજ સલ્તનત વખતથી ઉત્તર પ્રદેશથી આવીને વસવાટ કરતા લોધા ક્ષત્રિય સમાજ ચૈત્રી નવરાત્રીના નવ દિવસ સુધી ઉત્તરપ્રદેશની ભાષા, બોલી અને આગવી શૈલીથી ઉપાસના કરી પોતાની પરંપરા અને સંસ્કૃતિને જાળવી રહ્યા છે.

ડીસા શહેરમાં મુખ્યત્વે રાજપુર, રેલ્વે સ્ટેશન અને ઢુવા રોડ પર ખેતી, વાહન રીપેરીંગ અને વેપાર સાથે સંકળાયેલા લોધા ક્ષત્રિય સમાજના ઈતિહાસમાં ડોકીયુ કરવામાં આવે તો ભારતના વિવિધ રાજયમાં શાસન ભોગવનાર લોધા ક્ષત્રિય સમાજ આઝાદી વખતે દેશ માટે પણ કુરબાનીઓ આપી છે. અંગ્રેજો સાથે ડીસા (કેમ્પ) માં આવેલા લોધા પરિવારોએ પ્રથમ ટેકરા પર વસવાટ શરૂ કર્યો હતો. શિવ અને શક્તિ ઉપાસક લોધા સમાજે રીસાલામાં શિવજીની સ્થાપના કર્યા બાદ રાજપુર સ્થાયી બની ત્યાં હરીહર મહાદેવનું નિર્માણ કર્યું હતું.

અનુસંધાન પાના નં.૬

# શ્રી રાજારામ જન્મ જયંતિ કાર્યક્રમમાં ગેર નૃત્યે આકર્ષણ જમાવ્યું



હસમુખ ચૌધરી

પ્રતિનિધિ લવાણા

ભારતભરના આંજણા ચૌધરી સમાજના કુલ ગુરુ શ્રી ૧૦૦૮ રાજારામ ભગવાનની દર વર્ષની જેમ આ વર્ષ પણ રામનવમીના પાવન દિવસે રાજસ્થાનના સિકારપુરા ગામે આવેલ શ્રી રાજારામ મંદિર ખાતે ૧૩૫ મી જન્મજયંતિની હર્ષોઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ભારતભરમાંથી આંજણા ચૌધરી સમાજ ઉમટી પડયો હતો અને સંત શ્રી રાજારામ ભગવાનની જન્મજયંતિની ઉજવણી કરી હતી. અહી રાજારામ મંદિરે ભવ્ય લોકમેળો ભરાયો હતો જે મેળામાં રાજસ્થાનનું ગેર નૃત્ય ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

# બાદરપુરા (કા.) થી બહુચરાજી પગપાળા સંઘ યોજાયો

પાલનપુર

પાલનપુર તાલુકાના બાદરપુરા કાલુસણમાં સમસ્ત હિન્દુ સમાજ દ્વારા બહુચરાજી માતાજીના દર્શને પગપાળા સંઘનું વાજતે- ગાજતે રથયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.



બાદરપુરા ગામે યોજાયેલ પગપાળા સંઘમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. જેમાં બાદરપુરા ગામમાં આવેલ બહુચર માતાના મંદિરે ગરબા ગાઈ આ પગપાળા સંઘનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. જેમાં કલ્પેશ ઠાકોર, કિરણ રાવળ, વિજય ગોહિલ, રાજુભાઈ ગોહિલ, સુરેશ ગોહિલ, સુરેશ ઠાકોર, શંકર ઠાકોર વગેરે દ્વારા આ રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

# એસટીમાં જીપીએસ સિસ્ટમ, મોબાઈલ એપ કાર્યરત કરાશે

અમદાવાદ

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે રાજકોટ સેન્ટ્રલ બસ સ્ટેશન ખાતે અદ્યતન સુવિધા સાથે નિર્માણ થનાર નવા સેન્ટ્રલ બસ ટર્મિનલનું ભૂમિપુજન ખાતમૂહૂર્ત બીએસ-૪ અધતન વોલ્વો બસનું લોકાર્પણ તથા જીએસઆરટીસીની એન્ડ્રોઈડ એપ્લીકેશન ટ્રેક યોર બસનું લોચિંગ કર્યા બાદ જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી વિજય રૂપાણી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ગુજરાતી પ્રજાને નવા એરપોર્ટ જેવું બસસ્ટેશન અને અદ્યતન આરામદાયક સુવિધા સાથેની લકઝરી બસો મળે તેવું સેવેલ સ્વપ્ન આજે પૂર્ણ થવા જઈ રહ્યું છે. મુખ્યમંત્રી રૂપાણીએ આજે રૂપિયા સો કરોડના ખર્ચે બંધાનાર

અનુસંધાન પાના નં.૬



# રસ માધુરી

• રાજકારણ •જીંદગીનું ચિંતન •વાર્તાવિનોદ •વ્યંગકથા

ફિલ્મસીટી અને પ્રાઈસ્પોર્ટસ અમે તમામપ્રકારની વાનગી...

ગરબડલાલે ગુસ્સાથી વેઈટરને કહ્યું, જો આ ચામાં એક માખી છે.

દસ રૂપિયામાં તો એક જ માખી આવે સાહેબ ! ત્રણ ચાર માખી થોડી આવે ?

૦૦૦

પત્ની : તમે મારી એકવાત માની લેશો તો દુનિયાને સારી રીતે જોઈ શકશો.

પતિ: બોલ હું તારી દરેક સલાહ માનવા તૈયાર છું.

પત્ની : તો તમે તમારા ચશ્માના ગંદા કાચ સાફ કરી નાખો.

૦૦૦

**કેપ્સુલ**

અખબારમાં મોટા અક્ષર એક જાહેરખબર છપાઈહતી. લગ્ન કરવાની ઈચ્છા ધરાવતા એક યુવાન માટે જરૂર છે. એક માર ખાધેલા અનુભવી સજ્જનની કે જે એ યુવાનને આ હરકત કરતાં રોકી શકે.

૦૦૦૦૦

ગરબડલાલ : હમણાં પકડીને બે લાત મારીશ.

ગેંડાલાલ : લાત મારી પાસે પણ છે.

ગરબડલાલ :તો શું તું મનેપણ લાતમારીશ ?

ગેંડાલાલ : ના હું તો ભાગી જઈશ.

૦૦૦૦

ટીચર : પપલુ એક ગાયએકવખતમાં એકલીટરદુધ આપતી હોય તો આખા દિવસમાં કેટલું દુધ આપે ?

પપલુ :એમાંશું ?ગાય સાથે ડોલ બાંધી દેવાની ને પછી સાંજે જેટલું દુધ ભેગું થયું હોય એ માપી લેવાનું.



## કોઈનું ન બગાડયું હોય તો બગાડો..

**કંઈક નરમ કંઈક ગરમ** | રેણુ વિષ્ણુકુમાર બારોટ

આપણે કોઈનુંય કશું બગાડયું ન હોય છતાં લોકો જાતજાતના અભિપ્રાયો વગર માગે આપે છે. તમારી સામે નહીં તમારી પીઠ પાછળ આવો છે તેવો છે, મહાન કટુબાજ છે, ટોપીબાજ છે, ટોપી આપવામાં એની જોડ જડે એવી નથી. એમ તો મનેય લોકો જોઈને કહે છે એય પથારી ફેરવી નાખનારો આવ્યા.. હું જાતે મારી પથારી તો શું ઓઢવાની ચાદર કે ઓશિકું મુકતો નથી. ત્યાં પારકાની પથારી કયાંથી ફેરવવાનો હતો ?

હોય લોકો છે બોલવાના.. ગોળાને ગરણું બાંધી શકાયું, આકાશને બાંધી શકાતું નથી. વર્ગમાં એ દિવસે અડદની દાળ અને બાજરીના રોટલા.. દાબીને આવ્યો હોય.. ઉંઘ ના જુવે તુટયો ખાટ.. એમ વર્ગખંડમાં વિદ્યાર્થીઓ સામે ઝોકે ચડવાની શુભ શરૂઆતમાં હતો ત્યારે વર્ગની શાંતિને હણનારો કાંતી કહે, સાહેબ ગોળા પર ગરણું મુકયું હોય છતાંય પાણીમાં સુક્ષ્મ જીવાણુઓ કયાંથી આવે ?

એના પ્રશ્ને મારી સામે આવી રહેલી ઉંઘનું સત્યાનાશ, ધનોતપનોત.. નીકળી ગયું હતું. મેં કહેલું પછી મળજે. હુ ંકઈશ.. અને પછી કાંતિએ વાત ઉડાડેલી.. આપણા બારોટ સરને જ આવડતું નથી. ત્યાં શું આપણને સમજાવવાના હતા ? વિદ્યાર્થીઓ પણ પોતાના સાહેબોએ કશુંય બગાડયું ન હોવા છતાંય અભિપ્રાયો આપે છે. માણસો જ શું કરવા હવે તો પ્રાણીઓ પણ માનવીઓને અભિપ્રાય તો નથી આપણા પણ કંઈક એવું કરે છે કે તમે બોલવા લાગો. અલ્યા મેં તારૂં શું બગાડયું હતું કે.. તે મારી સાથે આમ કર્યું.. મારૂં દિલ દુભાવ્યું..

આખી રાત કુતરાં ભસી ભસીને તમારી ઉંઘ બગાડે છે.. ત્યારે તમે કહેતા નથી કે શ્વાનબંધુઓ, યુધિષ્ઠીર વ્હાલાઓ આખી રાત ઉંઘ બગાડી મારૂં દીલ દુભાવ્યું છે. મારા આત્માને ઠેસ પહોંચાડી છે.. અને સામે છેડે આખી રાત ભસતાં. ગામગરાસ વગર લડવા કુતરાં કહેતા નથી તમારી ઉંઘ બગાડવી એ અમારી દૈનિક કાર્યવાહીનો એક ભાગ છે..

અમારી ઓફિસનો એક ભાઈ.. એનો ભાઈ અખબારી કચેરીમાં નોકરી કરતો હતો. રોજ રાત્રે છુટતો હતો અને રોજ રાત્રે કુતરાનું સામુહીક જુથ એની પાછળ પડતું.બિચારો ડરતો હતો. .ભસતા પાછળ પડતા કુતરાંને પગે લાગીને કહેતો ઓ શ્વાન બંધુઓ મેં તમોને એકેય ઍંગલથી પજવ્યા નથી. તમારા ગરાસ પર ગેરકાયદે માલીકી હક મુકયો નથી તોય આમ મારી પાછળ પડો છો..

કુતરાંને પગે લાગીને વિનંતી કરતા એ ભાઈને મળવાનું થયું..મેં કહ્યું જીવનમાં બધાને પગે લાગીને વિનંતી.. આજીજી કરવાની ના હોય, થોડોક ચમત્કાર બતાવવાનો હોય..?

એટલે વાહન ઉભું રાખીને એમની પાછળ દંડો લઈને દોડું ? એણે મને પુછયું.

ના ભૈ ના.. ચાલુ વાહને જ કુતરાં પર પથ્થરમારો કરવાનો.. મારી શિખામણ સલાહ સુચનનું અક્ષરશઃ એણે પાલન કર્યું.. કુતરાં સુધી ગયો. અખબાર વાળાએ ભાઈની પાછળ પડતા બંધ થઈ ગયા.. એ ભાયડો પછી તો વિજેતાના મુડમાં આવી ગયો.. રાત્રે શાંત બેઠેલાં કુતરાં પર પણ પથ્થરમારો કરવા માંડયો.. કુતરાં કરે શુ ં?

માણસો જોકે શિખામણ કે સલાહ સુચનથી પણ સુધરતા નથી તો કુતરાં કહેતા નથી શું બગાડયું છે તે પથ્થરમારો કરો છો ભઈ..ઈ..

મારો એક કવિ મિત્ર કઈ કવિતા લખવી એની વિચારોની ગંગામાં હતા. જેમ સ્ત્રીઓને રોજ થતું હોય છે આજે શું રાંધવું ? એમ આ કવિનેય થતું શાના પર કવિતા લખવી ? ઉંડા નહીં અતિ ઉંડા વિચારમાં હતા. આખરે એમણે પોતાના ઘરની બારી ખોલી.. કવિને એમ હતું બારી ખોલીશ અને નવા નવા વિચારોનું અવતરણ થશે.. એકાદ કવિતા જનતા એકસપ્રેસની જેમ ખેંચી નાખીશ..

કવિએ બારી ખોલી.. અને સામેના મકાનના છાપરા કોઈ વાંદરો પુંછડી લબડાવીને બેઠો હતો.. જેવી બારી ખુલી.. જુના લાકડાનો અવાજ થયો.. કવીએ કપિને જોયો.. કપિએ કવિને જોયા.. કવી કપિ વિશે કંઈક લખે એ પુર્વે જ કપિએ દાંતીયા કાઢયા.. બે વાર દાંતીયા કાઢયા કે કવિએ કાગળની કલમની મસ્તી ધડાધડ ચાલુ કરી દીધી.. એમની કલમમાંથી કાવ્ય ટપકી પડયું..

હે કપિરાજ..

કોઈના છાપરે બેસી એક કવિરાજ સામે દાંત દેખાડવા એ સારી બાબત નથી.

અનુસંધાન પાના નં.૬ ઉપર

## વનીતાના વર્ચ્યુઝ અને મીસ્ટેકની અંતરંગ વાતો

**દેખ કબીરા** | હંસામૃત વાલમીયા

નારીના નામ સાથે અનેક પર્યાયવાચી શબ્દો જોડાયા છે. જેમાં સૌ પ્રથમ નારી શબ્દ નરની સાથે રહેનારી, નરથી એકલપંડે રહેનારી, નર કરતાં આગળ ચાલનારી, નીરને ઓવરટેક કરી પોતે આગળ વધનારી, નરને અંધકારમાં રાખી અનેક પ્રવૃત્તિઓ કરનારી, નરની સહસંગીની, સહધર્મીણી, સહચારીણી અને નરનો પડછાયો થઈ રહેનારી, બિચારી, બાપડી થઈ જીવનારી, નર કરતાં નવગણી સશકત બની નવચંડી દુર્ગાભવાની સ્વરૂપ ધારણ કરી ગમે તેવા રાક્ષસી નરને પણ પરાસ્ત કરનારી નારી આજકાલ આ ટેકનોલોજી એવી યુગમાં પુરૂષને વટાવી અનેક કદમ આગ વધેલી જોવા મળશે અને એ જ બતાવે છે કે નારી સશક્તિકરણ સફળ થયું છે એ અંગે જો સેમીનાર કરવામાં આવે તો હિંદુસ્તાનમાં નારી સશક્તિકરણ માત્ર કાગળ ઉપર સો ટકા થયું છે. જ્યારે વાસ્તવિક રેખા જોતાં એ માંડ પંચાવન ટકા થયું હોય એવું લાગે છે.

જો નારી સશક્તિકરણ સફળ થયું હોય તો આજે સૌથી વિશેષ બળાત્કાર આપણા દેશમાં થાય છે. સાન ફ્રાન્સિસીકોથી આવેલી એક સેલીબ્રીટી નારીએ મને લગભગ દસ વર્ષ પહેલાં મારી મુલાકાત સમયે આવું કહ્યું હતું.. તેના જ શબ્દોમાં કહું તો ડોકટર પાટનવાદીયા યુ આર ફ્રોમ ઈન્ડીયા.. આઈ નો યુર આ રાઈટ બટ યોર કન્ટ્રી ઈઝ નોટ સેઈલ અધરવાઈઝ ધ વીમેન ઓફ યોર કંટ્રીઝ આર નોટ સેઈફ એન્ડ સીકયોર્ડ.. મેં.. વળતો પ્રહાર કરવા એ પરદેશી નારીનો હાથ પકડી વાત કરી.. પ્લીઝ લેટ મી સી એન્ડ ટેલ મી હાઉ ઈટ ઈઝ રાઈટ ? યોર બિલીવમેન્ટ ઈઝ એબ્સો લ્યુટલી રોંગ તરત જ એ પરદેશી નારીએ મને કહ્યું..

'યોર કંટ્રીઈઝ ફેમસ ફોર રેઈપ એન એકસપ્લોઈટેશન ઓફ લેડીઝ.. ઈચ એન્ડ એવરીવેર યુકેન સી.. ઓકે.. મેડમ આઈ કન્ફેસ યોર ટોક.. કહી હું છુટો પડયો.. મારૂં માથું એ વિજ્ઞાન જ્ઞાની અને પ્રબુદ્ધ બાઈની વાત સામે ઝુકી ગયું.

પ્રાચીન શાસ્ત્રોમાં આપણે નારીને વિવિધ રૂપે ઓળખતા વિવિધ સર્વનામ અને વિશેષણોથી નવાજતા એ નારી માટે અનેકગણું માન સન્માન પ્રત્યેક નરના દિલો દિમાગમાં હોવું જોઈએ.. શિવાજી જેવા મહાન શાસકો નારીને માતા સમાન ગણતા.. ગાંધીજી પણ પોતાની પત્નીને કસ્તુરબા કહી બોલાવતા.. એ પણ એક સૌહાર્દ વ્યક્તિ હતા..નારીનાી અવનવા પ્રાચીન અને અર્વાચીન શબ્દો વિશે જોવા જઈએ તો નારી, સ્ત્રી,વનીતા, સારીકા, અભિસારીકા, અર્ધાંગના, સહધર્મીણી, સહસારીણી, પતિવ્રતા, અબળા, બહુબળા, સૌભાગ્યવતી, ઓરત, વાઈફ, અને દયાની મૂર્તિ એવા શબ્દોથી નવાજવામાં આવતી. નારી ખરેખર નરનું અભિન્ન અંગ છે. જીવનરચના બે પૈંડામાં નારી એક અદ્વિતીય પૈડુ છે જે રથને આગળ ધપાવે છે.

સંસારના ચાર મોક્ષ માટે ધર્મ,અર્થ, કામ, મોક્ષ આ પુરૂષાર્થોની પ્રાપ્તિ નારી વગર અપૂર્ણ છે માટે નામી પુરૂષાર્થ સંગી ગણાય છે.

અહીં આપણે વનીતાના વર્ચ્યુઝ એટલે કે સ્ત્રીના કેટલાક સદ્‌ગુણો અને તેની કેટલીક મિસ્ટેકસ ઉપર ઓનલાઈટ કરવા જઈએ, વનીતા એટલે પુરૂષ માત્રનો વિસામો.. વનીતા એટલે ત્યાગ અને વૈરાગ્ય માટેનું પ્રથમ ચરણ.. વનીતા એટલે રણચંડી, દુર્ગા ભવાની સ્વરૂપે પુરૂષના આવા ગુણોને મહાત કરનાર વ્યક્તિ,..

વનીતા એટલે સમગ્ર કુટુંબનો આધાર, વ્યક્તિ સમાજ, રાષ્ટ્રમાં વનીતા પાયાની ઈંટ સમાન છે. જગતના તમામ વિકસીત પુરૂષોની વિકાસયાત્રામાં અનેક વનીતાઓનું યોગદાન છે. ફરી કયારેક નોંધ મુકીશું.. વનીતાની યાત્રા સાત પગલાંમાં સમાવિષ્ટ છે.. પારણીથી પાલખી સુધી વનીતા સતત સહનશીલતાની ત્યાગમૂર્તિ સમાન છે. આવા અનેક વર્ચ્યુઝ (સદ્‌ગુણો)હોવા છતાં માનસ પ્રવકતા તુલસીદાસજી એ નારીના અનેક અવગુણ બનાવી તેની આલોચના પણ કરી છે એ સંદર્ભ આધારીત નીતીકારે નીતીશાસ્ત્રમાં સ્ત્રીઓના, વનીતાઓના મોટા આઠ અવગુણ બતાવ્યા છે. જુઠું બોલવું એ સ્ત્રીનો સૌથી મોટો અવગુણ છે. બીજા નંબરે દગાબાજી સ્ત્રી કરી શકે છે. સ્ત્રીના અંતરમનમાં શું છે ?

અનુસંધાન પાના નં.૬ ઉપર

## શિબુ નદીના પ્રવાહમાં કુદી પડયો

**એનું નામ છે જીવન** | નટવર હેડાઉ

શાળાના બધાં બાળકોમાં ખુબ જ ઉત્સાહ વર્તાતો હતો. સૌ કોઈ પોત પોતાના સ્તરે તૈયારીમાં લાગી ગયા હતા. કોઈ નાટકના સંવાદ યાદ કરતા હતા કોઈ સુંદર ગીત ગાવા માટે મહેનત કરતા હતા. રમતગમતમાં રસ ધરાવનાર બાળકો શારીરિક શિક્ષણ અને યોગની રજુઆત માટે તૈયારી કરતા હતા. સ્કાઉટ અને એન. સી.સી.ના બાળકો સમારોહની વ્યવસ્થાની જવાબદારી લેવા માટે તત્પર હતાં.

કેરળના પાલક્કડ જિલ્લાના ચેરપુલ્લસરી સ્કૂલમાં યુવા ઉત્સવ ઉજવવાનો હતો. ૨૩ સપ્ટેમ્બર ૨૦૦૪ ના રોજ યોજાનાર આ ઉત્સવમાં શિક્ષણ વિભાગના અધિકારીઓ ભાગ લેવાના હતા. તેનો ઉદ્દેશ બાળકોને દેશ અને સમાજ પ્રત્યે જાગૃત કરવાનો હતો. નક્કી થયા મુજબ સવારથી સૌ આવી ગયા હતા. કાર્યક્રમ સમયસર શરૂ થઈ ગયો હતો. સાલુ અને શિબુ બંને ભાઈ આ શાળાના વિદ્યાર્થી હતા. તે આંતરરાષ્ટ્રીય સામાજીક સંગઠન સ્કાઉટીંગના સભ્ય હતા. સાલુ તેમાં આગળ વધતાં વધતાં રાજયકક્ષાએ પુરસ્કાર મેળવી ચુકયો હતો. જ્યારે નાનો શિબુ તે માટે તૈયારી કરી રહ્યો હતો.

સાલુ તેની સ્કુલના સ્કાઉટ ગૃપનો આસીસ્ટન્ટ ગૃપનો લીડર હતો. તે આગળ ચાલવાનો હતો. કાર્યક્રમ દરમિયાન અતિથિઓનું સ્વાગત તથા શાંતિ અને શિસ્ત જળવાઈ રહે તે માટે તેણે પોતાના સાથીદારોને અલગ અલગ કામોની વહેંચણી કરી હતી. નશા વિરૂદ્ધની નાટિકામાં તેની મુખ્ય ભૂમિકા તેણે ભજવી હતી. કાર્યક્રમ પુર્ણ થતાં સૌએ તેની પ્રશંસા કરી. મુખ્ય અતિથિએ તેને તેમજ બીજાં પ્રતિભાશાળી બાળકોને પુરસ્કૃત કર્યા. પંદર વર્ષનો સાલુ આજે ખુબ ખુશ હતો. કાર્યક્રમ હેમખેમ પાર પડયો હત. ધીરે ધીરે સૌ મહેમાનો સ્કૂલમાંથી વિદાય થયા. બધી ચીજવસ્તુઓ વ્યવસ્થિત ઠેકાણે મુકીને પછી નીકળતાં નીકળતાં બાર એક વાગી ગયા. શિક્ષક પાસેથી રજા લીધા બાદ સાલુ, શિબુ અને તેના મીત્રો હવે નવરા પડયા હતા. તેમને બસ હવે ઘર તરફ જવાનું હતું. તેમણે નક્કી કર્યું કે ચાલો નદીએ જઈ નહાઈએ પછી ઘેર જઈશું.. સ્કૂલની નજીકમાં થોડે જ દુર થુથાપુની નદી વહેતી હતી. તેના પાણીને રોકીને અન્નાકલ સિંચાઈ પરિયોજના દ્વારા નહેર કાઢવામાં આવી હતી.

આ બધા મિત્રો ઉપરાંત અન્ય લોકો પણ અવાર નવાર ત્યાં જતા, ફરતા અને નહાતા. તેની નજીકમાં એક સુંદર બગીચો પણ હતો. નદી કીનારે એક મંદિર પણ હતું. સ્થાનીક લોકો ત્યાં પુજાપાઠ કરવા આવતા. પાણીને કારણે તેની આસપાસનો વિસ્તાર હરીયાળો રહેતો હતો જેથી જોવામાં સારો લાગતો. સાલુ અને તેના મિત્ર જ્યારે ત્યાં પહોંચ્યા ત્યારે બપોરનો દોઢ વાગી ગયો હતો. તે સૌએ પોત પોતાના કપડાં ઉતારી નદીકાંઠે નહાવા પહોંચી ગયો. તેઓ અરસપરસ વાતો કરવા લાગ્યાં. તેનો વિષય સ્કુલનો યુવા ઉત્સવ હતો. સાલુના દોસ્તો તેની હોંશિયારીના વખાણ કરવા લાગ્યા. સાલુએ કહ્યું, આ બધું મેં સ્કાઉટનો સભ્ય બનીને શીખ્યું છે. તેર વર્ષનો શીબુ પોતાના ભાઈની વાત ધ્યાનપુર્વક સાંભળતો હતો.

સાહુએ વધુમાં કહ્યું, અમારા સર કહે છે કે સ્કાઉટીંગ શ્રેષ્ઠ નાગરીક બનવાની તાલીમ આપે છે. પહેલાં હું બેદરકાર રહેતો હતો. આવી બધી વાતો કરતાં કરતાં સાલુનો પગ લથડયો અને તેણે સમતોલન ગુમાવ્યું. પોતાની જાતને સંભાળવા જતાં પાણી પ્રવાહની વચ્ચે આવી ગયો. કમનસીબે સાલુને પાણીમાં તરતાં આવડતું ન હતું. બચવા માટે હાથ પગ પછાડી તે હવાતીયાં મારવા લાગ્યો. છતાં તે ડુબવા લાગ્યો અને પાણીમાં આગળ તણાયો.સાલુના મિત્રો અને તેના નાના ભાઈ શીબુએ આ જોયું તો સ્તબ્ધ થઈ ગયા. હમણાં તો કેવી મજાક મસ્તીની વાતો ચાલતી હતી ત્યાં આ શું થઈ ગયું ? સ્થિતિ વિકટ હતી. કેમ કે તેમનામાંથી કોઈને તરતાં આવડતું ન હતું. તરતાં આવડતું ન હોવાથી નદીના પાણીમાં કુદી પડવાની કોઈની પણ હિંમત ચાલતી ન હતી. શિબુએ એક પળ માટે જોયું કે તેનો ભાઈ તેની નજર સામે મોતને ભેટવા જઈ રહ્યો છે. બચવાના બધા પ્રયત્નો નિરર્થક જઈ રહ્યા છે. બધી કોશીશ કરવા છતાં નદીનો વેગીલો પ્રવાહ સાલુને ખેંચીને લઈ જઈ રહ્યો છે.

શિબુ તે વખતે સાબુની નજીક હતો અને બાકીના મિત્રો દુર હતા. સાલુ જ્યારે પોતાના તમામ પ્રયત્નો છતાં કીનારા તરફ આવવામાં સફળ થાય તેમ ન લાગ્યું.

ત્યારે શિબુ આગળ વધ્યો. આમ તો શીબુને પણ તરતાં આવડતું ન હતું. તેથી જરા અચકાતો હતો પરંતુ તેણે જોયું કે તેનો ભાઈ જાતે બહાર નીકળી શકે તેમ નથી. તેથી તે તેને બચાવવા આગળ વધ્યો. કીનારે કીનારે આગળ વધતો શીબુએ સાલુની સાથે પ્રવાહમાં તણાવા લાગ્યો. શીબુને પણ સાલુની સાથે નદીના તેજ પ્રવાહમાં તણાતો જોઈને નદીના તટ પર હાહાકાર મચી ગયો. તેના સાથીદારો જોરજોરથી બુમો પાડવા લાગ્યો. બચાવો.. બચાવો..

કોઈ આવો.. આ બંને ડુબી રહ્યા છે.બુમાબુમ કરતાં કરતા એ બધા નદીના કીનારે કીનારે ભાગતા હતા. આ દરમ્યાન છોકરાંઓની ચીસાચીસ સાંભળીને અમુક લોકો નદી તરફ ધસી આવ્યા. પાણીનો પ્રવાહ એ બંનેને ઘણો આગળ તાણી ગયો હતો. લોકો તેમને બચાવવા નદીમાં કુદી પડયા.પ્રવાહમાં તે આગળને આગળ તણાતા જતા હતા. લોકો તેમના સુધી પહોંચ્યા પણ તે બંને જીવતા નહોતા.. તેમના મૃતદેહો નદીમાંથી કાઢવામાં આવ્યા. પોતાના ભાઈનો જીવ બચાવવા માટે શીબુએ પોતાનો જીવ આપી દીધો. બધાંનીઆંખોમાં આંસુ આવી ગયાં.જોકે શિબુને તરતાં આવડતું નહોતું અને તે ડુબતો પણ નહોતો. પરંતુ ફકત પોતાના ભાઈનો જીવ બચાવવાના તેના આવેશને કારણે તે નદીમાં કુદી પડયો હતો. જોકે તે પોતાની કોશીશમાં સફળ થઈ શકયો નહીં.. પરંતુ લોકો તેની ભાવના, બીજાનો જીવ બચાવવાની ઈચ્છા, હિંમત અને બહાદુરીની વાતે ભાવુક થઈ રહ્યા હતાં.

જરાક વારમાં તો ત્યાં લોકોનાં ટોળાં ભેગાં થઈ ગયાં. જેને જુઓ તે બંનેના સદ્‌ગુણોના વખાણ કરતા હતા. કુદરત આગળ કયાં કોઈનું ચાલે છે ? મરણ પછી પણ વ્યક્તિના સદાચાર અને દુરાચાર લોકોને યાદ રહે છે. સ્કૂલના બાળકો તેના માતા પિતાની સાથે હજુ શહેર પહોંચેલ જિલ્લાના શિક્ષણ અધિકારી, સ્કૂલના શિક્ષકો અને બીજા અનેક લોકો ત્યાં ભેગા થઈ ગયા. તરતાં ન આવડતું હોવા છતાં જીવ બચાવવા માટે કુદી પડેલા શીબુના જુસ્સાની સૌ કોઈ પ્રશંસા કરતા હતા.

શીબુની આ બહાદુરીની ભાવનાને બીરદાવતા માટે જિલ્લાના ઉપશિક્ષકાધિકારીએ નેબ્લ્યાના સરપંચ અને પોલીસ સુપ્રિ.ની રજુઆતથી તેનું નામ રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર માટે મોકલ્યું.

સાથે કેરળ રાજય બાળ કલ્યાણ રાષ્ટ્રીય બાળ દિવસ ૧૪ નવે.ના દિવસે શિબુનું નામ મરણોપરાંત 'રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર' માટે પસંદ કરવામાં આવ્યું.

રાષ્ટ્રપતીના હસ્તે નવી દિલ્હીખાતે આ પુરસ્કાર શીબુ તરફથી તેના પિતા કૃષ્ણકુમારે ગ્રહણ કર્યો. પુરસ્કારમાં રજતચંદ્રક, પ્રશસ્તિપત્ર તેમજ પાંચ હજારની રોકડ રકમ સ્વીકારતાં શીબુને યાદ કરતાં તેના પિતાની આંખમાં ફરી એકવાર આંસુ આવી ગયાં.

**નટવર હેડાઉ**

## લક્ષ્મી યોગ




સદાય એક સમાન જીવન ચાલતું નથી કયારેક સુખ તો કયારેક દુ:ખ જીવનમાં આવતું હોય છેઅને તેને જીવનમાં ભોગવવું પડતું હોય છે. આ સુખ દુ:ખ આપણા પુર્વ જન્મના સંચીત કર્મોનું હોય છે. તો આ જન્મના કર્મોનું ફળ પણ ભોગવવો પડતો હોય છે. સુખી ઘરમાં જન્મેલ વ્યકિતને જો કષ્ટ આવે તો તે માંડ માંડ કષ્ટને સહન કરતો હોય છે. જ્યારે વીપરીતમાં જો ગરીબ વ્યકિત અચાનક અથવા ધીમે ધીમે સુખી થાય તો તે હરખાતામાં પાર પામતો નથી.

જો જન્મના ગ્રહો અસુભ યોગ બનાવતા હોય છે તેના નિવારણ જાતે જ કરવા અથવા અન્ય પાસે જાપ કરાવી લેવા તેમજ ધર્મકર્મ કરતા રહેવું જેવું કે કીડીયારૂં પુરવું, કુતરાને રોટલી નાખવી, નદી, સરોવર નજીક હોય માછલાને લોટની ગોળી બનાવી નાખવી, ગૌશાળામાં ગાયને ઘાસ શકિત મુજબ નાખવાથી આપણા કર્મો સારા થતા હોય છે.

**દ્રષ્ટાંતકુંડળી :** કેવા ગ્રહો લક્ષ્મીયોગ બનાવે છે ? જે જાતકની જન્મકુંડળીમાં નવમા ભાવનો સ્વામી પરમ ઉંચનો અથવા કેન્દ્રમાં કે મુળ ત્રીકોણમાં હોય તો લક્ષ્મીયોગ થાય છે. અત્રે આપેલ દ્રષ્ટાંત કુંડળીમાં નવમો ભાવનો સ્વામી ગુરૂ છે જે કેન્દ્રમાં રહ્યો છે.આવા જાતકને લક્ષ્મીયોગ થયો કહેવાય છે. આવા જાતકે ગરીબ ઘરમાં જન્મ થયો હોય તો પણ તે જમીન, મકાન, વાહન અને ધનના સ્વામી બનતા હોય છે.

**-જયોતિષી બંસીલાલ હીરાલાલ લોધા**

**(મો.૯૩૭૭૪૪૦૯૦૭, રેલ્વે સ્ટેશન રોડ, ડીસા)**

## દેશમાં ગુન્હાખોરીના વધતા બનાવોમાં મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ અને હવે ગુજરાત પણ અવ્વલ નંબરે

**દ્રષ્ટીકોણ** | ચંદ્રશેખર ત્રિવેદી

આજકાલ મોટા ભાગના રાજયોમાં ગુન્હાખોરીની સમસ્યાને કાયદો વ્યવસ્થાનાકહેવાતા મહારથીઓ નિવારી શકી નથી. ઢગલાબંધ કાયદાની કલમો હોવા છતાં દેશના અમુક શહેરો અનેગ્રામ્ય વિસ્તારોમાં પોલીસ સ્ટાફની ઘટના કારણે ગુન્હાખોરોનો ગુન્હા આચરવા મોકળું મેદાન મળી રહે છે અને ક્રાઈમ રેકટમાં વધારો થતો જાય છે. વર્તમાન સમયમાં મહારાષ્ટ્ર, પં. બંગાળમાં મધ્યપ્રદેશ, બીહાર અને ગુજરાતમાં જે બનાવો બને છે તે માટે જવાબદારો વિરૂદ્ધ કયારેય કોઈ કાર્યવાહી થતી હોતી નથી.

રાજધાની દિલ્હીમાં નિર્ભયા ગેંગરેપ બન્યા પછી ૫૦ થી પણ વધુ રેપનાબનાવો બન્યા તેમ છતાંઆ પ્રકારની ગુન્હાખોરી આચરતા લોકોને મનોમન એવું છે કે સરકાર શું કહી શકશે ? મહત્વની બાબત એ છે કે યુવતીઓ પર એસીડ નાખવાના બનાવોથી યુવતીઓ એકલ દોકલ બહાર નીકળવાનું ટાળી રહી છે ત્યારે મહિલાઓ પર ઘરેલુ હિંસા તેમજ સગીરાઓના અપહરણના બનાવો એટલી હદે વધ્યા છે કે એક ઈતિહાસ સર્જી શકાય. ગુજરાતમાં અનેકવાર નાની વયના કિશોરીઓના અપહરણના કે ગુમ થવાના કિસ્સાથી સામાન્ય પરિવારોમાં અરેરાટી વ્યાપી ચુકી છે. અસંખ્ય બાળકોનો કોઈ પત્તો મળ્યો નથી.

ગુન્હાખોરીનો પલીતો યાત્રાધામોમાં પણ જારી રહ્યો છે.જયારે દુષ્કર્મના જે તે બનાવો બન્યા છે. તે પોલીસ ચોંપડે નોંધાય છે. તેમાંથી કેટલા બનાવોની તપાસ ચાલી અને કેટલા ગુનેગારોની ધરપકડ કરવામાં આવી તે બાબતની કોઈ ચોક્કસ સમીક્ષા થતી હોતી નથી. અમુક ગુન્હા આચરનારા આરોપીઓને પોલીસ જાણતી હોવા છતાં તેઓની સામે કયારેય કોઈ કાર્યવાહી કરતા નથી અને ઉપરથી છાવરવામાં આવે છે.

દિલ્હી તો ઠીક પરંતુ હવે ગુ-જરાતમાં દિવસે દિવસે કાયદો વ્યવસ્થા કથળતી જાય છે. સરકાર સબ સલામત હોવાના દાવા કરે છે પરંતુ તે પોકળ પુરવાર થઈ રહ્યા છે.એક સર્વે મુજબ ગુજરાતમાં ગત ૧ લી જાન્યુ.થી ૩૧ ઓકટો.સુધીમાં ખુનની ૧૦૧૦ ઘટના બની છે. આ આંકડો રોજના સરેરાશ ત્રણ ખુન જેટલો કહી શકાય. આમાંથી ૯૨૭ ગુનાના ભેદને ઉકેલવામાં આવ્યા છે. રાજયમાં ગંભીર પ્રકારના કુલ ૫૫૩૫૬ જેટલા ગુનામાંથી ૪૨,૨૭૩ ગુનાનો ભેદ

અનુસંધાન પાના નં.૬ ઉપર

**ઉત્તરપ્રદેશના મુઝફ્ફરનગર અને મહારાષ્ટ્રના થાણેમાં ગત વર્ષે દુષ્કર્મના ૮૦૦ ઉપરાંત બનેલા બનાવો**

## આ ઝેરી જીવજંતુઓ

**અજબ ગજબની દુનિયા** | કમલેશ કંસારા

ઝેરી જીવજંતુઓની એક અલગ જ દુનિયા હોય છે. જેમાં એક એકથી ચડિયાતા ઝેરી જીવો હોય છે. તસ્માનિયામાં એક કાળા રંગનો કીડો થાય છે. જેના માટે એમ કહેવામાં આવે છે કે એ જગતનો સૌથી વધારેમાં વધારે ઝેરી જીવ છે એને ત્યાં 'બુલડાંગ આન્ટ' કહેવામાં આવે છે.

સાપ,મંકોડા, વીછી અને અમુક જાતની માછલીઓ પણ ઝેરી હોય છે. જે પોતાના ઝેરનો ઉપયોગ શિકારને મારી નાંખવા કે એને ઢીલો પાડી દેવાને માટે કરે છે.સાપોના મોંઢામાંની લાળમાં જે ઝેર હોય છે. એ એને પાચક રસનું કામ પણ આપે છે. પોતાનાથી મોટા જીવોને ગળી જવા અને પચાવવામાં એ મદદરૂપ થાય છે.

સાપના દાંત ચામડીની અંદર નીચે સુધી ઘૂસી જઈ શકે એવી સોય જેવી હોય છે. એ દાંતો દ્વારા એ ઝેર લોહીના પ્રવાહમાં ભેળવી દે છે. સાપના દાંતોની વચ્ચે એક ઝેરની કોથળી હોય છે જ્યારે સાપ ડંખ દે છે ત્યારે દાંતો દ્વારા કોથળીનું ઝેર બધુ ઠાલવી દે છે.

પશુઓ અને જીવજંતુઓના ઝેર બે પ્રકારના હોય છે. પહેલાં વર્ગનું ઝેર હીમોટાકસિક કહેવાય છે. બીજા વર્ગનું ઝેર ન્યુરોટાકસિક કહેવાય છે. હીમોટાકસિક ઝેર રક્ત કોષાણુઓમાં ગઠ્ઠા બનાવી દે છે અને રક્તવાહીનીઓના અંદરના ભાગને નષ્ટ કરી દે છે. ન્યૂરોટાકસિક વિષ હૃદય, માસપેશીઓ અને શ્વસનકિયા પર અસર કરે છે. જે જીવ શિકાર કર્યા પછી પોતાના ભોજન માટે અથવા પોતાના બચ્ચાં માટે સાચવી રાખવા માંગે છે. એવા ઝેરનો પ્રયોગ કરે છે કે જેથી શિકાર નિશ્ચેતન બની જાય. એકાંતવાસી બરે, કૈટર, પિલર તથા અન્ય લાર્બાને ડંખ દઈને શિકારને સંજ્ઞાહીન બનાવી દે છે. અને પછી એના પર બેસીને ઈંડા મૂકે છે. કેટલાંક મંકોડા પોતાની રેશમ જેવી જાળમાં શિકારને ફસાવે છે. જેને ફસાવ્યા પહેલાં કરડીને એને અચેતન બનાવી દે છે.

કેટલાંક મંકોડા પોતાના વિષનો ઉપયોગ પોતાના શિકારને મારી નાંખવા કરે છે. આવા મંકોડા માણસનો પણ જીવ લઈ લે છે.સૌથી ઝેરી મંકોડા 'બ્લેક વિડો' ના નામથી ઓળખાય છે. પણ એના કરડવાથી ભાગ્યેજ કોઈ માનવીનું મૃત્યુ થાય છે. માણસને મારી શકે તેવા મંકોડા ભૂરા રંગના હોય છે. એકાંતવાસી મંકોડા પણ હોય છે. જે દક્ષિણ અને મધ્ય અમેરિકામાં થાય છે. ન્યૂ સાઉથ વેલ્સના ફેનલ બેબ સ્પાઈડર, ઓસ્ટ્રેલિયાના કાળી પીઠવાળા મંકોડા અને દક્ષિણ અમેરિકાના બટન સ્પાઈડરની પણ ઘાતક જીવજંતુઓમાં ગણના થાય છે.

વીછીંનું ઝેર માણસને નિષ્ક્રિય બનાવી દે છે પણ સામાન્ય રીતે તે જીવલેણ નથી હોતું. જો કે કેટલાક વીછીનું ઝરે માણસનો જીવ લઈ પણ શકે છે. એમાં એન્ડોકટોનસ આસ્ટ્રાલિસ નામના વીછીં ખાસ જાણીતા છે. ૧૯૩૬ થી ૧૯૫૦ વચ્ચે ૩૭૭ વ્યક્તિઓના મોત એના ડંખથી થયા હતા. લીલા રંગના સમુદ્રી કીડાંઓમાં તો વિચિત્ર પ્રકારનું ઝેર હોય છે. માદા કીડી પોતાની ચામડી પર ઝેર લપેટીને ફરતી હોય છે.

જગતમાં સર્પદંશથી પ્રતિવર્ષ લગભગ ચાલીસ

અનુસંધાન પાના નં.૬ ઉપર

### અંબાજી ...

**પાના નં.૧ ચાલુ**

સ્કીમમાં મુકવામાં આવશે જે પૈકી દેવસ્થાન ટ્રસ્ટને વાર્ષિક ૨.૨૫ ટકા જેટલી વ્યાજ મળશે. ટ્રસ્ટના સુત્રો તરફથી મળતી માહિતી મુજબ આ વ્યાજની રકમનો ઉપયોગ યાત્રિકોની સુખસુવિધા માટે કરવામાં આવશે. છઠ્ઠી એપ્રિલના રોજ મળેલી બેઠકમાં દાતાના પ્રાંત અધિકારી મંદિર ટ્રસ્ટના સિવિલ ઈજનેર અને હિસાબી અધિકારી, દેના બેંકના પ્રતિનિધિ, વેલ્યુઅર તેમજ કમિટિના સભ્યોની રુબરુમાં આ કાર્યવાહી કરવામાં આવી હતી જે સમયે ગુજરાત ગોલ્ડ સેન્ટર અમદાવાદમાં નિયત કરવામાં આવેલી પ્રક્રિયા પણ પુરી કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, અંબાજી ખાતે આવેલા મંદિરમાં દર વર્ષે મોટી સંખ્યામાં ભાવિક ભક્તો દ્વારા સોના અને ચાંદીના વિવિધ પ્રકારના આભૂષણો માં અંબાજીના ચરણમાં ભેટ ધરવામાં આવતા હોય છે. જેને લઈને હવે ટ્રસ્ટ મોનેટાઈઝેશન યોજનામાં આ સોનું મુકી રહ્યું છે.

### બનાસકાંઠાની ...

**પાના નં.૧ ચાલુ**

ઉલટાનું ડેમમાંથી ગામડાઓને પીવા માટે પાણી આપવામાં આવી રહ્યું છે. તેથી ઉનાળાના આરંભની સાથે ડેમ ખાલીખમ થઈ જતાં તળીયા દેખાવા લાગ્યા છે. જેના કારણે આ વખતે ખેડૂતોને નહેર દ્વારા પિયત માટે પાણી છોડવામાંઆવ્યું નથી. જેથી નહેર આધારીત ઘણાં ખેડૂતો ઉનાળુ વાવેતર કરી શકયા નથી. તેથી ૪૧૮ કરોડના ખર્ચે પાઈપલાઈન નાખવા છતાં ખેડૂતો 'ઠેરના ઠેર' રહ્યાં છે.

જે બાબતે ખેડૂતોમાં ઉહાપોહ સાથે આક્રોશ છવાયો છે. જેથી ગતરોજ આ મુદ્દે એકઠા થયેલા ખેડૂતોએ જનઆંદોલત છેડવાનો નિર્ણય કર્યો હતો પરંતુ આ મુદ્દે ગઈકાલે કૃષિ મેળામાં પધારેલા પ્રદેશ ભાજપ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ મીડીયા સાથેની વાતમાં જણાવ્યું હતું કે ડેમમાં પાણી આવતું ન હોવાનું મારા ધ્યાને આવ્યું છે જેથી અધિકારીઓ સાથે બેઠક કરી ડેમમાં જેમ બને તેમ પાણી જલ્દી ઠલવાય તેવા પ્રયાસો કરવાની ખાત્રી ઉચ્ચારી હતી.

### ડીસામાં ભુખ્યાજનોનો ...

**પાના નં.૮ ચાલુ**

ધર્મનગરી ડીસામાં અનેકવિધ સામાજીક અને સેવાકીય પ્રવૃત્તિઓ ધમધમી રહી છે ત્યારે વધુ એક સેવાકીય રથ શરૂ થતાં ડીસા સહિત બનાસવાસીઓમાં હર્ષોલ્લાસ છવાયો છે. કેસર સેવા ટ્રસ્ટના મુખ્ય આયોજક રાજુભાઈ જોષી પરિવાર દ્વારા શરૂ કરાયેલ અન્નપુર્ણા રથના શુભારંભ પ્રસંગે શહેરના રાજકીય આગેવાનો, પ્રતિષ્ઠીત વેપારીઓ, સામાજીક આગેવાનો સહિત મોટી સંખ્યામાં ડીસાવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા અને રાજુભાઈ ધુડાભાઈ જોષીની આ સદ્પ્રવૃત્તિને મુકત કંઠે બિરદાવી હતી. આ પ્રસંગે કેસર સેવા ટ્રસ્ટના આયોજકોએ સેવાકીય પ્રવૃત્તિમાં સહયોગ આપનાર તમામનો ઋણ સ્વીકાર કર્યો હતો.

### રાધનપુરમાં ...

**પાના નં.૮ ચાલુ**

શહેરમાં ગેરકાયદેસર કતલખાના ચાલી રહ્યા છે. જે નગરપાલિકામાં નોંધાયેલા નથી. અંજુમન હાઈસ્કુલના ટ્રસ્ટીઓ અને પ્રિન્સીપાલ દ્વારા આ બાબતે અવારનવાર ફરિયાદો કરવામાં આવેલ છે. તમામ કતલખાના જાહેરમાં ચાલે છે. જેના કારણે શાળામાં આવતા જતા બાળકો અને જાહેર રોડ ઉપર ચાલતા લોકોને ખૂબ જ તકલીફ ભોગવવી પડે છે. મરેલા ઢોર જાહેરમાં નંખાય છે. જેથી તાત્કાલિક ગેરકાયદેસર કતલખાના સીલ મારી પૂરેલા ઢોરને છોડાવી પાંજરાપોળને સુપરત કરવા જણાવ્યું છે. ગેરકાયદેસર કતલખાના ચલાવનાર વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરવા પણ સૂચના આપવામાં આવી છે.

### ગરમીના ...

**પાના નં.૮ ચાલુ**

ડીસા તાલુકામાં ટપક ફુવારા પધ્ધતિના લીધે તાલુકાના ખેડુતો તડબુચ અને શક્કરટેટીના પેદાશ પોતાના ખેતરોમાં કરવા લાગ્યા છે. નદીઓના વહેણ સુકાવા લાગતા ખેડૂતો દ્વારા ખેતરોમાં શક્કરટેટી, અને તડબુચનું વાવેતર કરી સારૂ ઉત્પાદન પણ મેળવી રહ્યા છે.

તડબુચનું વેચાણ કરતા વેપારીઓના જણાવ્યા પ્રમાણે બજારોમાં બે કિલોથી માંડી સાત કિલો સુધીના તડબુચ બજારમાં જોવા મળે છે. મોટા તડબુચને છુટક ગ્રાહ-કો ઓછા પસંદ કરતા હોય છે. જયારે તડબુચ કાપીને ડીસ બનાવી વેચાણ કરતા વેપારીઓ મોટા તડબુચની ખરીદી કરતા હોય છે. જેથી શહેરો સહિત હાઈવે પર તડબુચના મોટા મોટા સ્ટોલો ઉભા થયા છે. આ ઉપરાંત હાઈવે પરથી વાહન ચાલકો પણ તડબુચની ખરીદી કરી તડબુચનો સ્વાદ માણતા હોય છે. આરોગ્યની દૃષ્ટિએ પણ તડબુચ ખાવુ લાભદાયક ગણવામાં આવે છે. શીતળ તડબુચ ખાવાથી શરીરને ઠંડક ઉપરાંત ૯૦ ટકા પાણી હોવાથી ખાવાથી તરસ પણ છીપે છ .

### કોંગ્રેસે ...

**પાના નં.૮ ચાલુ**

આયોજન કરીને દેશમાં સૌથી વધુ મગફળી ટેકાના ભાવે ગુજરાતમાં સરકારશ્રી દ્વારા ખરીદવામાં આવી છે. મંત્રીશ્રીએ કહ્યું કે ખેડૂતોને વીજ કનેકશન આપવા અંગે ગુજરાતમાં સરકાર દ્વારા ઉદાર નિર્ણયો લેવામાં આવ્યાએ છે. તેમણે કહ્યું કે સમગ્ર દેશમાં ગુજરાત એકમાત્ર એવુ રાજય છે જેણે ઓર્ગેનીક યુનિવર્સિટી સ્થોપવા નિર્ણય લીધો છે. મંત્રીએ પદ્મશ્રી એવોર્ડ મેળવનાર બનાસકાંઠા જિલ્લાનના પ્રગતિશીલ ખેડૂતશ્રી ગેનાજી પટેલને અભિનંદન પાઠવી શુભેચ્છા આપી હતી. તેમણે જણાવ્યું કે બનાસકાંઠા જિલ્લાભના ખેડૂતો અને પશુપાલકોએ વિક્રમજનક પ્રગતિ કરીને વૈશ્વિક કક્ષાએ જિલ્લાનું નામ રોશન કર્યુ છે.

આ પ્રસંગે શ્રમ અને રોજગાર, દેવસ્થાપન અને યાત્રાધામ વિકાસ તથા જિલ્લાના પ્રભારી મંત્રી દિલીપકુમાર ઠાકોર જણાવ્યું કે તત્કાલીન મુખ્યમંત્રી અને અત્યારે આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ખેડુતોની આવક અને સુખાકારીમાં વધારો કરવા કૃષિ મહોત્સવની શરૂઆત કરાવી હતી. જેના લીધે ગુજરાતની કૃષિ આવકમાં નોંધપાત્ર વધારો થયો છે. તેમણે કહ્યું કે રાજય સરકારશ્રી દ્વારા વાઈબ્રન્ટા સમિટ જેવા વિરાટ કાર્યક્રમોનું આયોજન કરીને વિશ્વભરના ઉદ્યોગકારોને આમંત્રણ આપીને ઔધોગીક વિકાસને સફળતાપૂર્વક વેગ આપવામાં આવે છે તેનાથી ગુજરાતના યુવાનોને રોજગારીની સુવર્ણતકો ઉપલબ્ધર બની છે. તેમણે કહ્યું કે યુવાનોને રોજગારી આપવામાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ સ્થાકને છે. મંત્રીએ કહ્યું કે યુવાનોને રોજગારી આપવા રાજયભરમાં મેગા જોબ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિશાળપાયે રોજગારી પુરી પાડવામાં આવી છે. તેમણે કહ્યું કે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વવાળી આ સરકારે સિનિયર સીટીઝનોને યાત્રાધામોની યાત્રાનો પ્રવાસ કરવા માટે ૫૦ ટકા ભાડામાં પ્રવાસ કરી દર્શનનો લાભ લઇ શકે તેવો મહત્વનો નિર્ણય કર્યો છે.તેમણે બનાસકાંઠા જિલ્લાની ખેતીની સફળતા માટે ખેડુતોને અભિનંદન પાઠવ્યા હતા. મંત્રીએ ઉમેર્યુ કે આ સરકાર ખેડૂતો, ગરીબો અને વંચિતોના વિકાસ માટેની સરકાર છે.

કાર્યક્રમની શરૂઆતમાં દાંતીવાડા એગ્રીકલ્ચર યુનિવર્સિટીના પૂર્વ કેમ્પસ ડાયરેકટરશ્રી ગિરીશભાઇ જગાણીયાએ સ્વાગત પ્રવચન કર્યુ હતુ. આ પ્રસંગે પદ્મશ્રી અવોર્ડ વિજેતા ખેડુત ગેનાજી પટેલ સહિત પ્રગતિશીલ ખેડુતોનું સન્માન કરવામાં આવ્યું હતું તથા વિવિધ કંપનીઓના પ્રદર્શન સ્ટોલ્સને મહાનુભાવોના હસ્તે ખુલ્લા મુકવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યા ણ રાજયમંત્રી કેશાજી ચૌહાણ, પ્રદેશ ભાજપા મહામંત્રીશ્રી કે.સી.પટેલ, ધારાસભ્યરશ્રી પરબતભાઇ પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખ દિનેશભાઇ દવે, ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝના પૂર્વ ચેરમેન બાબુભાઇ જેબલીયા, પદ્મશ્રી ગેનાજી પટેલ, નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી નીલમબેન જાની, જિલ્લા ભાજપા પ્રભારી દુષ્યંતભાઇ પંડ્યા, ગુજરાત એસ.ટી.નિગમના ડિરેકટર દિનેશભાઇ અનાવાડીયા, પૂર્વ મંત્રી કાંતિભાઇ કચોરીયા, પૂર્વ ધારાસભ્ય વસંતભાઇ ભટોળ, કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ.અશોક પટેલ સહિત વિવિધ યુનિવર્સિટીઓના કુલપતિઓ, અગ્રણી ઉમેદદાન ગઢવી અને હિતેષ ચૌધરી સહિત અગ્રણીઓ, માર્કેટયાર્ડના ચેરમેનઓ અને વિશાળ સંખ્યાઢમાં ખેડુત ભાઇ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

### વેટરનરીનાં...

**પાના નં.૩ ચાલુ**

જે મુજબ વિદ્યાર્થીઓની માંગણી હતી કે વેટરનરી માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ઈન્ટર્નશિપમાં એમ.બી.બી.એસ ઈન્ટર્નશિપ સ્ટાઈપન્ડ જેટલું અર્થાત ૧૦૭૮૦ રૂા. સ્ટાઈપન્ડ આપવામાં આવે આ અંતર્ગત વેટરનરીના વિદ્યાર્થીઓ દ્વારા રાજય સરકારને વારંવાર રજુઆત કરવા છતાં સમસ્યાનો ઉકેલ આવતો નહતો છેવટે ભાજપ ના ધારાસભ્ય અને ગુજરાત રાજય સરકારમાં સંસદીય સચીવ તરીકે ફરજ બજાવતા ભરતસિંહ ડાભી દ્વારા વિદ્યાર્થીઓને ચોક્કસ દિશામાં સહાય મળતા તેમજ તમામ કૃષિ યુનિવર્સીટીના વાઈસ ચાન્સેલરના હકારાત્મક વલણ અને મીડિયા દ્વારા આ સમસ્યાને રાજયભરમાં ઉજાગર કરતા ગુજરાત રાજય સરકાર દ્વારા પશુચિકિત્સાના વિદ્યાર્થીઓ પ્રતિ હકારાત્મક વલણ દર્શાવી તેમનું ઈન્ટર્નશિપ સ્ટાઈપન્ડ ૪૨૦૦ રૂા. કરી આપવામાં આવ્યું છે જેથી રાજયના તમામ વેટનરી ના વિદ્યાર્થીઓની આશાનું કિરણ ખુલી ગયું છે પરંતુ દિલ્હી હાઈકોર્ટના ચુકાદા મુજબ તેમની માંગણી મુજબનું સ્ટાઈપન્ડ હજુ ના મળતા વિદ્યાર્થીઓ સબકા સાથ સબકા વિકાસમાં માનવા વાળી રાજય સરકાર પાસે ન્યાયની અપેક્ષા રાખી રહ્યા છે.

### ડીસામાં લોધા...

**પાના નં.૩ ચાલુ**

જયારે ટેકરામાં શિવમંદિર પણ લોધા પરિવારએ બનાવ્યું હતું. આમ શિવશક્તિ આરાધક લોધા સમાજ ચૈત્રી નવરાત્રી નિમિત્તે નવદિવસ સુધી માતાજીની અનન્ય શ્રધ્ધા સાથે આરાધના કરે છે.

દરમ્યાન લોધા સમાજના યુવાનો ભેગા મળી યુપીની પ્રચલિત ભાષા અને શૈલીમાં માતાજીની સ્તુતિ કરે છે જેને 'અચરી'કહેવામાં આવે છે. જેમાં જ્યોતિષી બંસીલાલ લોધા, ઉદયસિંહ ખેમચંદ લોધા, મુકેશ બાબુલાલ લોધા, રાજેશકુમાર મનીરામ લોધા, અરવિંદકુમાર બાબુલાલ લોધા, નારણસિંહ તુલ્લાઈસિંહ લોધા, નારણસિંહ કાળીદાસ લોધા, મહેશકુમાર જગદીશકુમાર લોધા, જયેશ પ્રતાપભાઈ લોધા, રાજેશભાઈ મણીલાલ લોધા, નરેશકુમાર જયરામભાઈ લોધા, નટવરલાલ હીરાલાલ, મુકેશકુમાર (મહાકાળી ફર્નિચર), કિશોરકુમાર દયારામ લોધા, અમરસિંહ ભુરાભાઈ વગેરે ટીમ આગવી શૈલીમાં માતાજીની 'અચરી'માં જોડાય છે જે ભોલેનાથના મંદિરે અંબાજી મંદિરે, જોગણી માતાના મંદિર સાતો બહેનાનો મંદિરે માતાજીની આરાધના થાય છે. ગત રાત્રે રેલ્વે સ્ટેશનમાં રમેશભાઈ બાબુલાલ લોધાને ત્યા'અચરી' નો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ભાવિકો માટે નાસ્તાનું વિતરણ કરાયું હતું જેમાં ગવૈયા મંડળીને કાંસાના મંજીરાની ભેટ આપવામાં આવી હતી.

### એસટીમાં જીપીએસ...

**પાના નં.૩ ચાલુ**

આ બસ ટર્મિનલમાં મુસાફરોની સુવિધા માટે ફુડઝોન, શોપીંગ મોલ જેવી સુવિધાઓ ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા કરવામાં આવનાર છે તેમ જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ભારતમાં પ્રથમ એવી બીએસ-૪ બસને એસટીમાં શરૂ કરનાર ગુજરાત પ્રથમ રાજય છે. તેમણે રાજયમાં આધુનિક ચાર બસ ટર્મિનલ કાર્યરત થઈ ગયા છે અને હવે બીજા ૧૪ના ખાતમુહૂર્ત થવા જઈ રહ્યા છે તેમ જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, લોકોની સુખરૂપ મુસાફરી માટે રાજય વાહન વ્યવહાર નિગમ દ્વારા હાલમાં ૫૦થી વધુ વોલ્વો બસો જુદા જુદા લાંબા રૂટો ઉપર દોડાવવામાં આવી રહી છે. તેમજ એસટીમાં જીપીએસ સીસ્ટમ, ઈલેકટ્રોનિક સાઈન બોર્ડ તેમજ મોબાઈલ એપ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે. તેમણે રાજકોટનો ઉલ્લેખ કરીને એસટીમાં આ આધુનિક સગવડો આપવા સાથે અદ્યતન આંતરરાષ્ટ્રીય કક્ષાના એરપોર્ટની સુવિધા પણ આપવા જઈ રહ્યા છીએ તેમ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું. એસટીમાં આધુનિક લકઝરી બસો ઉમેરાતા પર્યાવરણ જાળવણીમાં ધણી ઉપયોગી બની રહેશે તેમ તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રી દ્વારા પ્રજા અર્પણ કરાયેલી આ બસો રાજકોટ-મુંબઈ, અમદાવાદ-પુના, સુરત-જયપુર વાયા અમદાવાદના લોંગ રૂટ ઉપર સેવા આપશે. આ સુવિધા શરૂ થવાથી વધુમાં વધુ મુસાફરો આરામદાયક મુસાફરી કરી શકશે.

## સ્થાનિક બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| **ચોકસી બજાર** (કીલોના) | દુન તીબાર ૫ કી. ૮૨૦૦ | મગમોગર રીયલ ૮૦૦૦ | વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦ |
| **ચાંદી ચોરસા ૪૧૨૦૦-૪૧૫૦૦** | દુન તીબાર ૧ કી. ૮૨૦૦ | અડદદાળ અક્ષર ૮૩૦૦૦ | સાંગલી ૧૦ કે. ૪૩૦૦ |
| રૂપુ કાચું ૪૧૨૦૦-૪૧૫૦૦ | હાથી ૧૧૨૧ ૬૮૦૦ | મગ ૫૭૦૦ | **ખોળ બજાર** |
| સોનુ તોલો ૨૮૯૦૦-૨૯૦૦૦ | બેસ્ટ પ્રીમીયમ ૭૫૦૦ | અંગુર તુવેરદાળ ૭૨૦૦ | દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦ |
| **તેલ બજાર** | નર્મદા મગ પોલીસ ૬૧૦૦ | અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦ | મોરબી ખોળ ૧૨૫૦-૧૨૮૦ |
| રાધે પામોલીન ૯૪૦ | મગદાળ નર્મદા સુપર ૫૮૦૦ | ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦ | જીરાળુ ૧૯૦૦-૨૦૦૦ |
| પામોલીન ૯૩૦ | નર્મદા મગ મોગર ૬૫૦૦ | કિસાન તુવેરદાળ ૬૨૦૦ | ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦- |
| સોયા રીફાઈન ૧૨૨૦ | મગમોગરનર્મદાપ્રીમી ૬૫૦૦ | પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦ | ૧૫૪૦ |
| રાયડાતેલ ૧૫કી૧૧૮૦-૧૨૦૦ | નર્મદા અડદદાળ ૯૦૦૦ | પરખ સ્પેશીયલ ૫૨૦૦ | મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૯૦ |
| સીંગતેલ૧૫ લી. ૧૭૨૦ | અડદદાળ નર્મદા પ્રી. ૮૬૦૦ | લાલપરી તીબાર જુના ૪૨૦૦ | જવ ભરડો ૩૫ કી.ગ્રા.૬૦૦ |
| સીંગતેલ ૧૫ કી.૧૮૦૦ | દુન દેહરાદુન દુબાર જુના ૬૫૦૦ | લાલપરી દુબાર જુના ૩૮૦૦ | **પરચુરણ** |
| સીગતેલ ૫ લી. ૫૨૫-૫૫૦ | દુન દહેરાદૂન મીની દુબારજુના | લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦ | સોજી ૮૬૦ |
| તિરૂપતી કપા. ૧૨૩૦ | ૪૫૦૦ | લાલપરી દુબાર નવા ૩૯૦૦ | મેંદો ૮૬૦ |
| ૫ લીટર ૩૯૨ | દુન દહેરાદૂન સુ.મો.જુના ૪૫૦૦ | રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦ | શ્રીફળ એમ. ૮૮૦ |
| વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૦૦ | દુન દહેરાદૂન મી.મો.જુના ૩૮૦૦ | લાલમંદિર બાસમતી ૩૬૦૦ | નિરમા સાબુ ૫૨૫ |
| કોપરેલ ૧૫ કિલો ૨૩૬૦ | દુન કણકી જુની ૩૦૦૦ | **ખાંડ બજાર** | મેદી ૬૦-૧૦૦ |
| ૫ કે. કોપરેલ ૮૭૦ | ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦ | (બોરીના ભાવ) | અજમો ૧૫૦-૨૪૦ |
| ૫લી. અંકુર સીંગતેલ ૫૭૦ | ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦ | **ખાંડ એસ. ૩૯૦૦-૪૦૦૦** | સાકરીયા ૪૫૦૦ |
| **૧૫ લીટર સનફલાય ૧૨૦૦** | ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦ | **ખાંડ એમ. ૪૦૦૦-૪૦૫૦** | ખાંડ બુરૂ ૪૨૦૦ |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૧૮૦ | ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦ | ખાંડએલ. ૪૦૫૦-૪૧૦૦ | કોકમ ફુલ ૧૮૦ |
| ૫ લી. ૩૯૦ | હાથી ૮૧૭ આખા નવા ૭૭૦૦ | **ચા-બજાર** | એલચી ૧૧૦૦-૧૪૦૦ |
| ૨ લી. ૧૫૫ | હાથી૮૧૭ નવા દુબાર પાંણાં | સુરજ છાપ ચા ૩૦૦ | મોરૈયો ૬૫-૯૪ |
| **ચોખા-દાળ બજાર** | ૫૮૦૦ | હરણ છાપ ચા ૨૨૦ | તલ ૯૦-૧૦૦ |
| (૧૦૦ કીલોના ભાવ) | તુવરદાળ કૃષ્ણા ૮૫૦૦ | **આખા મરચાં-હળદર** | ખસ-ખસ ૩૫૦-૫૮૦ |
| ગેટવે પ્રીમીયમ ૮૫૦૦ | તુવરદાળ રેંટીયો કિ.૫ ૧૦૫૦૦ | હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦ | સીંગદાણા ૬૫-૮૦ |
| ગેટ વ. રોયલ ૬૦૦૦ | તુવરદાળ ખીડીયાર ૭૨૦૦ | હળદર આખી રાજાપુરી | **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** |
| ગેટવે રેગ્યુલર ૫૨૦૦ | દાવત સીલેકટનવા ૮૮૦૦ | ગટ્ટા ૧૦૦-૧૪૦ | દુધી ૧૨૦-૧૪૦ |
| ગેટવે રીઝાના ૪૪૦૦ | દાવત સુપર જુના ૯૮૦૦ | હળદર આખી સેલમ ૯૦ | સુકી ડુંગળી ૧૪૦-૧૬૦ |
| ગેટવે એવરેડી ૪૦૦૦ | દાવત દીલખુશ નવા ૭૫૦૦ | હળદર તળેલી સાંગલી ૮૦ | લસણ ૮૦૦-૧૧૦૦ |
| ગેટવે ડેઈલી ૩૫૦૦ | દાવત દીલખુશ જુના ૬૫૦૦ | મરચા વન્ડર હાટ ૨૦૫૦ | ધાણા ૬૦૦-૮૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦ | દાવત દુબાર જુના ૬૦૦૦ | મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦ | મરચાં ૩૦૦-૪૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦ | દાવત રોઝાના જુના ૫૫૦૦ | મરચા તેજા ૧૮૦૦ | લીબુ ૯૦૦-૧૧૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦ | દાવત ૭૦ જુના ૪૧૦૦ | મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦- | અડવી પત્તા ૨૦૦-૪૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦ | દાવત ૬૦ મીની જુના ૩૨૦૦ | ૨૦૦૦ | આદુ ૬૪૦-૭૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦ | લાલ કીલ્લો મેજીસ્ટીક ૮૫૦૦ | મરચા ટોમેટો ૨૨૦૦ | રીંગણ ૨૬૦-૩૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૨૩૦૦ | લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦ | મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦ | ટામેટા ૨૦૦-૨૬૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦ | લાલ કીલ્લો તીબાર ૬૫૦૦ | કાશ્મીરી ૯૦ | ભીંડા ૫૦૦-૬૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૫૦૦ | લાલ કિલ્લો દુબાર ૫૨૦૦ | કાશ્મીરી મમરી ૯૦ | કોબી ૧૧૦-૧૬૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦ | લાલ કિલ્લો મોગરો ૪૨૨૦૦ | સુપર પટની ૧૦૫ | વટાણા ૮૦૦-૯૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦ | હેરીટેઝ એક્ષએક્ષએલ ૮૦૦૦ | સુપર રજવાડી ૧૯૦ | ટીંડસા ૮૦૦-૧૧૦૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦ | હેરીટેજ તીબાર ૬૫૦૦ | મરચા ડેડીકટ ૧૨૫ | ગવાર ૭૦૦-૧૦૦૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦ | હેરીટેજ દુબાર ૫૦૦૦ | મરચાં ૫૮૦૦ | બાદશાહ બટાકા ૧૦૦-૧૩૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦ | હેરીટેજ મીની દુબા ૪૨૦૦ | **ગોળ બજાર** | સાંગા બટાકા ૧૦૦-૧૨૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦ | એપ્પલ પ્રીમીય ૪૮૦૦ | વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦ | ફુલાવર ૨૪૦-૩૦૦ |
| ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦ | ઓરેન્જ ૫૬૦૦ | વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦ | ચોળી ૧૬૦૦-૨૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦ | દાવત અપ્સરા ૫૦૦૦ | વડેચા ૫ કી. ૪૮૦૦ | લીલું લસણ ૪૦૦-૫૦૦ |
| દુન પ્રીમીયમ ૯૦૦૦ | જીરાસર ચંદન ૨૮૦૦ | વડેચા ૧ કી. ૫૦૦૦ | લીલા ચણા ૬૦૦-૯૦૦ |
| દુન તીબાર ૨૫ કી.૭૭૦૦ | ચણાદાળ ૪૪૪ ૮૮૦૦ | | |
| દુન તીબાર ૧૦ કી.૭૨૦૦ | મગદાળ સમરદીપ ૭૨૦૦ | | |

### દેખ કબીરા

**અનુસંધાન પાન ૫ નું ચાલુ.**

એ બાબત ખુદ બ્રહ્માજી કે શિવજી પણ સમજી શકયા નથી. બીજી એક વાત છે સ્ત્રીના પેટમાં અનાજ ટકી શકે છે પણ તેના કાને પડેલી ગમે તેવી વાત ગમે ત્યાં આંકી કાઢે છે.. કોઈ રહસ્ય તેના મનમાં અકબંધ રાખીશકતી નથી. ગમે તેવા બગડેલા ખરાબ સોબતવાળા કે આદતવાળા સો પુરૂષોને એક સ્ત્રી સુધારી શકે છે પણ એક ખરાબ સ્ત્રીને સો પુરૂષો સુધારી શકતા નથી. સ્ત્રીને સુધારવામાં અત્યાર સુધી અનેક પુરૂષો નાકામીયાબ નિવડયા છે. બહુ બહુ તો પુરૂષો સ્ત્રીની હત્યા કરી શકે પણ સુધારી શકવા કાબેલ નથી હોતા. લજ્જા એ સ્ત્રીનું આભુષણ છે છતાં આજના ટેકનોસેવી જમાનામાં અંગપ્રદર્શન કરતા વસ્ત્રોએ સ્ત્રીનો સૌથી મોટો શત્રુ સમાન છે.. નિર્લજ્જતા એ સ્ત્રી માટે વ્યક્તિ માટે સમાજ માટે અભિશાપ સમાન છે. લજ્જા એ વનીતાનું સૌથી મોટું આભુષણ છે. લજ્જાવાન વનીતા ઘરમાં.. સમાજમાં દેશમાં અને અન્ય દેશોમાં પણ પુજનીય ગણાય છે. માનમરતબો મેળવે છે..

નારી તું નારાયણી ભાવના આપણા શાસ્ત્રોમાંથી શીખવા મળે છે.. સમગ્ર જગતના સંચાલક વિષ્ણુ ભગવાનની પત્ની લક્ષ્મી પણ નારી છે જે જગત માટે એક આધારસ્તંભ છે છતાં વિષ્ણુ ભગવાનના શરણમાં તેમનું સ્થાન છે. એ કહી કયારેય ભગવાનના મસ્તકે બેઠી નથી. એ શું બતાવે છે ? વનીતાના વર્ચ્યુઝ સદ્‌ગુણો આપણે પાર્વતી અને લક્ષ્મી પાસેથી શીખીએ.. એ જ હરિૐ

**બી.પાટણવાડીયા મો.૯૬૦૧૮૯૭૦૪૧**

**રખેવાળ** ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................

માતા : ......................જ.તા. ................ઉ.વ.

પરિચય: ........................................................

સરનામુ : ........................................................

મોકલનારની સહી : ..............................................

## દ્રષ્ટીકોણ..

**અનુસંધાન પાન ૫ નું ચાલુ.**

ઉકેલવામાં આવેલ છે. રાજયમાં સૌથી વધુ ખુનના બનાવો સુરત શહેરમાં ૮૭ થયા છે. જ્યારે સૌથી ઓછી ઘટના વડોદરામાં બની છે. આ બાબતે સરકારે જવાબદાર તંત્રને ટકોર કરવી જોઈએ અને ખુનના બનાવો ન બને તે માટે યોગ્ય વ્યુહરચના ઘડાવી જોઈએ.રાજયમાં ઘરફોડ ચોરીના બનાવો ખુબ જસામાન્ય બની ગયા છે. તેમાં ખાસ કરીને તસ્કરો બંધ મકાનને પ્રથમ નીશાન બનાવતા હોય છે. અમદાવાદ જેવા શહેરમાં હજારોની નહીં પણ લાખોની ચોરીના બનાવો વધતા ગયા છે. કેટલાક બનાવો તો ગુનેગારો ઘરમાં ઘુસી પરીવારના સભ્યોને મારી કોઈ રૂમમાં પુરી દઈ તીજોરી સાફ કરી જતા હોય છે. અમદાવાદના ગમે તેએક બે વિસ્તારોમાં આવા બનાવો હવે સમસ્યા બની ગયા છે. હકીકતમાં હવે ચોરી કે ખુન કરનારને દુષ્કર્મ આચરનારને કાયદાનો રતીભાર ડર રહ્યો નથી. ખરેખર તો ગુનાઓનો ભેદ ઉકેલવામાં પોલીસને ધારી સફળતા મળી નથી. તપાસ ચલાવે ત્યાં સુધી પાંચ પચ્ચીસ જેટલી ગુન્હાઓમાં વધારો થઈ જાય છે. ગત વર્ષે ૨૦૧૬ માં ૧૦૧૦ હત્યાના બનાવો બન્યા હતા. તેમાંથી પોલીસ ૮૩ ગુન્હાઓનો ભેદ નિવારી શકી હતી. અમદાવાદ રેંજમાં સૌથી ઓછા ૭૪ હત્યાના બનાવો નોંધાયા હતા જ્યારે અસંખ્ય અપહરણના બનાવોની તપાસ ચલાવી રહી છે. જોકે ગંભીર પ્રકારના ૫૫ હજાર જેટલા ગુન્હાઓમાંથી ૪૨૦૦૦ ગુન્હાઓની તપાસ પુર્ણ થઈ ચુકી છે. તેમ છતાં ડામાડોળ બનેલી કાયદો વ્યવસ્થાની સ્થિતિ બાબતે ભારે કવાયત કર્યા વિના છુટકો નથી. ગુજરાતમાં સુરત, મહારાષ્ટ્રમાં થાણા, ડોબીવીલી અને ઉલ્હાસનગર, જ્યારે ઉ.પ્ર.માં મુઝફ્ફર નગર શહેરમાં ગત વર્ષે દુષ્કર્મના ૬૬૮ બનાવો બન્યા હતા. જેમાં સામુહીક દુષ્કર્મ ૨૮૩ કેસો પોલીસમાં નોંધાયા હતા ત્યારે વર્તમાન સંજોગોમાં શાળા કોલેજો આસપાસ એક ખાસ પ્રકારની ટોળકી એકલદોકલ યુવતીને ધક્કો મારી મેટાડોરમાં નાખી લઈ જવાના બનાવો બને છે. જો કે હવે શાળા કોલેજ નજીકમાં સારા ડ્રેસમાં પોલીસની પેટ્રોલીંગ કરવાની પદ્ધતિ કામીયાબ નીવડી છે અને પોલીસ ચાલુ વર્ષમાં ૮૨૩ યુવાનોને પકડી પાડયા હતા ત્યારે હવે પ્રત્યેક શહેરમાં પોલીસ સ્કવોર્ડની રચના થાય તે જ મહત્વની બાબત કહી શકાય.

### કંઈક નરમ ગરમ

**અનુસંધાન પાના નં.૫ નું ચાલું**

આ શબ્દો એ બહેનના નહીં મારી સામે ઉભેલા ચશમાવાળા ટાલવાળા બોખા મોંવાળા ડાયાબીટીસના દર્દી દલીચંદના હતા.. મેં તરત જ કહ્યું.. અરે દલીચંદ કાકા તમને તો ઉંચી કક્ષાનો ડાયાબીટીસ છે. તમારે તો પેંડા પ્રતિબંધ સમાન ગણાય... અરે ગળી ચીજ કોઈ ન ખવાય..

દલીચંદે ચહેરા પરથી ચશમા હટાવ્યા.. ટાલમાં હાથ ફેરવતા કહે.. અરે ઓ ચકલાં પોપટની વાર્તા વાળા ભલે ઉંચી કક્ષાનો ડાયાબીટીસ હોય પણ ભાઈ સલમાનની છુટવાની ખુશીમાં તું ખવરાવીશ અને હું ખાઈશ..

દલીચંદનું ડાયાબીટીસ જેવું વિધાન સાંભળી ત્યાં હાજર સૌએ તાલીઓ પાડી. હાથ ઉંચા કર્યા એટલે દલીચંદ રંગમાં આવી ગયા.. આગળ આવતાં વધુમાં કહે.. ચકલાં પોપટની વાર્તાવાળા તે મને ઉંચી કક્ષાના ડાયાબીટીસનો દરદી કહો તો ભલે કહો પણ ભાઈ સલમાનને ભમરાળો કહો એ મને પસંદ નથી.. મને ઉંડુ દુ:ખ થયું છે..

આ દરમિયાન પેલી મહિલાએ મારી સામે જોયું.. જાણે રાવણની બેન બનવા માંડી. એમ એણે ચીનગારી ચાંપતાં કહ્યું. એક તો એક કલાકની લમણા પછીય પેંડા ખવરાવતા નથી અને ઉપરથી અમારા સલમાન ભાઈને ભમરાળો કહો છો ?

....એ ભમરાળો છે..

ત્યાં તો સોસાયટીમાં રીક્ષાની એન્ટ્રી થઈ. .મારી નજર ગઈ એટલે સૌની નજર ગઈ.. ચંદ ક્ષણોમાં રીક્ષા મારા ઘર આગળ આવીને થંભી.. એમાંથી રેણુ સાસુ.. સાળી ઉતર્યા.. એમની નજર ઘર સામે ગઈ..

ઉંબરે ઉભી સાંભળું રે બોલ..ના ગીત જેવું જ એને લાગ્યું..

ઉંબરે ઉભું ટોળું રે બોલ.. વાલમિયા..શેનો બખેડો..

સાસુ સાળીએ તો નિવેદન કરી દીધું કાયમ બખેડા કરતા જ આવડે છે પણ પછી રેણુએ વાત જાણીએ તો કાંઈ ફુલાણી.. કાંઈ ફુલાણી.. પછી પર્સમાંથી પાનસો આપતાં કહે.. આખરે દબ-ગવાળો છુટયો છે.. લ્યો મારા પાડોશીઓ પેંડા ખાવ..

**રેણુબેન વિષ્ણુભાઈ બારોટ (અમદાવાદ)**
**મો.નં.૯૮૨૪૨૩૪૬૬૮**

### અજબગજબની દુનિયા

**અનુસંધાન પાન ૫ નું ચાલુ.**

હજાર વ્યક્તિઓના મરણ થાય છે. એમાંના પોણા ભાગના તો ફક્ત ભારતમાં જ મૃત્યુ પામે છે. મોટાભાગના મૃત્યુ નાગના દંશથી થાય છે. નાગ હાથીની સૂંઢના કોમળ ભાગમાં ડંખ દઈને એને પણ મારી નાંખી શકે છે.

વિશ્વમાં વધુમાં વધુ ઝેરી સાપોમાની ઘણી બધી જાત ઓસ્ટ્રેલિયામાં જોવા મળે છે. દક્ષિણ ઓસ્ટ્રેલિયાના ટાઈગર સાપ એવા ઝેરી હોય છે કે એનું માત્ર ૬૦૯ મિલિગ્રામ જેટલું ઝરે પણ મનુષ્યના પ્રાણ હરી શકે છે. દક્ષિણ પૂર્વ અમેરિકાના હીરા જેવી પીઠવાળા રેટલ સાપ એટલું બધુ ઝેર ઉત્પન્ન કરે છે કે એનાથી ત્રીસ જણાના મૃત્યુ થઈ શકે છે. કોલમ્બિયા અને દક્ષિણ અમેરિકાના કોકિયા નામના જંતુઓ એવા તો ઝેરી હોય છે કે એનું માત્ર .૦૨ મિલિગ્રામ ઝેર પણ માણસને મારી નાંખી શકે છે.

સૌથી વધુ ઘાતક ઝેરી જીવજંતુઓ સમુદ્રમાં જોવા મળે છે. પ્રશાંત મહાસાગરમાં નીલારંગના વલયવાળા સૌથી વધારે ભયંકર જીવ ઓક્ટોપસ જોવા મળે છે. એ પોતાની તીક્ષ્ણ ચાંચથી શિકારના શરીરમાં ઝેર પહોચાડી દે છે. જો એ કોઈને કરડે તો એ વ્યક્તિનું બે કલાક સુધીમાં મોત થઈ જાય છે. એના ઝેરનો પ્રતિકાર કરી શકે એવી રસી હવે વૈજ્ઞાનિકોએ શોધી કાઢી છે. પરંતુ તેનું ઝેર એટલી બધી ઝડપથી પ્રસરીને શરીરમાં અસર કરે છે કે પ્રતિકાર રસી પણ બે અસર સાબિત થાય છે. ઘણા માણસો સમૂદ્રમાં ન્હાવાને માટે પડયા હોય છે. પરંતુ ક્યારેક તેઓ અચાનક ગુમ થઈ જાય છે. ત્યારે એના પરિવારજનો એવું માની લે છે કે એ ડૂબી ગયા હશે. પરંતુ હકીકતમાં એ લોકો ઓક્ટોપસના શિકાર બની ગયા હોય છે.

જેલી માછલી જેવા સમુદ્રી જીવો તો સૌથી વધારે ઝેરી અને ખતરનાક હોય છે. સમુદ્રી જીવોના ડંખથી છેલ્લાં પચ્ચીસ વરસો દરમ્યાન ૬૦ વ્યક્તિઓના જીવ ગયા હતા હિન્દ પ્રશાંત મહાસાગરના વિસ્તારમાં સૌથી વધારે ઝેરી દરિયાઈ જીવ મળી આવે છે. જે પોતાના સોય જેવા દાંતોથી પોતાના શિકારના શરીરમાં ઝેર ઉતારી દે છે.

**કમલેશ કંસારા**

મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા

રખેવાળ

# કમાણાની પરિણીતા પાસે દહેજ પેટે ૧૦ લાખ માગતાં પોલીસમાં ફરીયાદ

મહેસાણા

વિસનગર તાલુકાના કમાણા ગામની પરિણીતાને છ માસ અગાઉ પતિ, સાસુ, સસરાએ શારિરીક માનસીક ત્રાસ આપીને રૂ.૧૦ લાખની માંગણી કરી પિયરમાં કાઢી મુકી હતી.જેમાં ગતરોજ પરિણીતા દર્શન કરવા ગઈ હતી ત્યારે દઢીયાળ કમાણા રોડ પર સાસરીયા દ્વારા તેણીને મારી નાંખવાની ધમકી આપવામાં આવતા વિસનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોધાવામાં આવી હતી.રબારી શિલ્પાબેન દિનેશભાઈ (હાલ રહે સાબરમતી, પેટ્રોલપંપ બ્રહ્માણી નગર, મકાન નં.૩૦ અમદાવાદ) મુળ વતન કમાણા, તા. વિસનગરવાળા દ્વારા ગતરોજ વિસનગર પોલીસ સ્ટેશનમાં પતિ દિનેશભાઈ તેમજ સાસુ - સસરા સામે ફરીયાદ નોંધાવા પામી છે. દરમ્યાન પરિણીતાને બળજબરીથી કોઈ ઝેરી દવા પીવડાવવાનો પ્રયાસ પણ સાસરીયા તરફથી થયો હતો.

# રાધનપુર તાલુકા ભાજપ યુવા મોરચાના પદાધિકારીઓની વરણી

પાટણ

જિલ્લા યુવા મોરચાના પ્રમુખ નિલેષભાઈ રાજગોરની અનુમતીથી રાધનપુર તાલુકા ભાજપ પ્રમુખ ભોજાભાઈ આહિરના માર્ગદર્શન હેઠળ, તાલુકા યુવા મોરચા પ્રમુખ લાખાભાઈ રબારી દ્વારા ગતરોજ રાધનપુર તાલુકા યુવા મોરચાના પદાધિકારીઓની નિયુક્તિ કરવામાં આવે છે.

રાધનપુર તાલુકા યુવા મોરચો પદાધિકારીઓ ઉપપ્રમુખઃ- ૧. ગોસ્વામી અશોકપુરી લક્ષ્મણપુરી(શેરગઢ), ૨. ચૌધરી ભરતભાઈ ધનાભાઈ (નવા પોરાણા), મંત્રીઃ ૩. ઠાકોર અંબાલાલ બાબુભાઈ (જેતલપુરા), ૪. આહિર કરમણભાઈ અમથાભાઈ (દેલાણા), ૫. સોલંકી મુકેશભાઈ પચાણભાઈ (બાદરપુરા), ૬.ઠાકોર હેમચંદભાઈ પીરાભાઈ (બંધવડ), કોષાધ્યક્ષઃ ૭. ચૌધરી વાલાભાઈ જેવતભાઈ (શબ્દલપુરા)ની વરણી કરવામાં આવી છે.

# સંરક્ષણક્ષેત્રે ભરતી પુર્વેની એક માસની વિના મૂલ્યે નિવાસી તાલીમ વર્ગનું આયોજન

પાટણ.

પાટણ ખાતે જિલ્લા રોજગાર કચેરી,પાટણ દ્વારાઆર્મી/એરર્ફોસ/ નેવી/ અર્ધ લશકરી દળો/પેરા મીલીટ્રી ફોર્સ તથા પોલીસ ફોર્સ વિગેરે માં જોડાવવા ઈચ્છુક ઉમેદવારો માટેભરતી પુર્વેની એક માસનો વિના મૂલ્યે નિવાસી તાલીમ વર્ગ સંભવિત તા. ૧ લી મે-૨૦૧૭ થી શરૂ કરવામાં આવનાર છે.એસ.એસ.સી પાસ કે તેથી વધુ લાયકાત ધરાવના ઉમેદવારો કે જેઓ ૧૭.૧/૨ વર્ષ થી ૨૧ વર્ષ વચ્ચેની વય ધરાવતા હોયઅને સંરક્ષણ ક્ષેત્રે ભરતી થવાની શારીરીક ક્ષમતા ધરાવતા હોય તેવા તમામ ઉમેદવારોએ તેમની શૈક્ષણિક લાયકાત નાતમામ અસલ પ્રમાણપત્રો તથા તમામની ઝેરોક્ષ નકલ તથા રોજગાર કચેરીના નામ નોંધણી કાર્ડની ઝેરોક્ષ નકલ તથાપાસપોર્ટ સાઈઝ ના બે ફોટોગ્રાફ સાથે જિલ્લા રોજગાર કચેરી, બ્લોક નં-૨ પ્રથમમાળ, જિલ્લા સેવા સદન પાટણ ને૧૫/૦૫/૨૦૧૭ સુધી માં ચાલુ કચેરી સમય દરમ્યાન આપના સ્વખર્ચે સંપર્ક કરવા આથી જણાવવામાં આવે છે

નિવાસી તાલીમ માટે પસંદગી પામેલ ઉમેદવારોને ૩૦(ત્રીસ) દિવસ સુધી વિના મૂલ્યે શારિરીક/માનસીક તાલીમતથા રહેવા જમવાની સગવડ પુરી પાડવામાં આવશે.અગાઉ તાલીમ મેળવેલ ઉમેદવારોએ હાજર રહેવું નહીતેમ જિલ્લા રોજગાર કચેરી, રોજગાર અધિકારીશ્રી પાટણની અખબારી યાદીમાં જણાવેલ છે.

# વિવિધ બજાર ભાવ

### ડીસા

| | |
|---|---|
| એરંડા | ૯૩૨-૯૪૨ |
| રાયડો | ૬૫૦-૭૧૬ |
| જીરૂ | ૨૯૫૧-૩૪૬૭ |
| ઘઉં | ૩૦૫-૪૭૫ |
| બાજરી | ૨૭૨-૨૯૧ |
| ગવાર | ૭૫૯-૭૬૫ |
| રાજગરો | ૭૨૧-૮૪૬ |
| વરીયાળી | ૧૦૨૫-૧૩૩૧ |
| મેથી | ૭૧૫ |
| તલ | ૧૦૭૫-૧૧૫૦ |
| સુવા | ૧૦૭૫-૧૨૨૩ |
| તમાકુ | ૯૫૦-૧૩૫૧ |
| ઈસ. | ૧૯૩૧-૨૧૨૭ |

### ધાનેરા

| | |
|---|---|
| ઘઉં | ૩૦૦-૩૭૯ |
| બાજરી | ૨૯૦-૩૩૪ |
| જવ | ૩૦૪ |
| મગ | ૯૧૪ |
| ગવાર | ૭૦૦-૭૫૧ |
| સરસવ | ૭૨૨-૭૪૭ |
| રાયડો | ૬૪૦-૬૯૧ |
| એરંડા | ૯૦૦-૯૩૬ |
| ઈસ. | ૧૯૫૦-૨૩૮૦ |
| જીરૂ | ૩૧૦૦-૩૫૦૦ |
| તલ | ૧૦૫૦-૧૨૫૬ |
| મેથી | ૬૧૧-૭૪૬ |
| સુવા | ૯૫૦-૧૨૧૩ |
| વરી. | ૧૦૦૦-૧૨૨૬ |
| અજમો | ૧૧૦૦-૧૮૦૦ |
| રાજગરો | ૬૯૦-૭૮૧ |
| અસાળીયો | ૮૬૨-૧૦૨૮ |
| તારામીરા | ૭૦૦-૭૯૦ |
| બીજડા | ૧૨૨૩ |

### થરા

| | |
|---|---|
| જીરૂ | ૩૦૦૦-૩૬૦૦ |
| એરંડા | ૯૪૫-૯૬૫ |
| રાયડો | ૬૭૦-૬૯૫ |
| વરીયાળી | ૧૦૫૦-૧૮૨૫ |
| ગવાર | ૬૯૦-૭૬૫ |
| ઘઉં | ૨૯૦-૩૯૦ |
| બાજરી | ૨૮૧-૩૩૫ |
| અડદ | ૯૦૦-૯૩૦ |

### લાખણી

| | |
|---|---|
| જીરૂ | ૩૦૦૦-૩૩૮૦ |
| અજમો | ૧૪૩૨-૧૬૪૦ |
| એરંડા | ૯૧૭-૯૪૩ |
| ગવાર | ૬૫૦-૬૯૧ |
| રાજગરો | ૬૩૨-૭૮૫ |
| મેથી | ૫૯૧-૬૧૬ |
| ઘઉં | ૩૨૩ |
| રાયડો | ૬૫૦-૬૯૧ |
| ગવાર | ૭૫૪-૭૬૦ |
| રાજગરો | ૬૩૨-૭૮૫ |
| સુવા | ૯૦૦-૧૨૨૧ |
| ઈસ. | ૧૮૦૦-૨૨૯૮ |

### વાવ

| | |
|---|---|
| જીરૂ | ૨૭૦૦-૩૬૦૦ |
| ઈસ. | ૧૯૦૦-૨૩૦૦ |
| એરંડા | ૯૩૦-૯૪૫ |
| ગવાર | ૭૬૬-૭૮૦ |
| રાયડો | ૬૬૦-૭૧૨ |
| મેથી | ૬૦૦-૭૦૦ |

### થરાદ

| | |
|---|---|
| જીરૂ | ૨૪૦૦-૩૬૪૧ |
| મેથી | ૬૭૦-૧૦૦૦ |
| એરંડા | ૯૩૦-૯૪૬ |
| રાયડો | ૬૮૦-૭૯૦ |
| ઈસ. | ૨૦૫૦-૨૪૫૦ |
| ગવાર | ૭૫૦-૭૯૦ |
| અજમો | ૧૮૫૦-૨૪૬૧ |
| સુવા | ૧૧૦૦-૧૨૮૭ |

### રાહ

| | |
|---|---|
| રાયડો | ૬૮૦-૬૯૦ |
| એરંડા | ૯૩૦-૯૩૫ |
| બાજરી | ૩૦૦-૩૨૧ |
| સુવા | ૧૧૫૦-૧૨૦૦ |
| વરી. | ૧૦૦૦-૧૧૬૦ |

### વડગામ

| | |
|---|---|
| ઘઉં | ૨૯૧-૩૬૫ |
| બાજરી | ૨૭૦-૨૭૫ |
| એરંડા | ૯૩૦-૯૩૪ |
| ગવાર | ૭૧૫-૭૩૧ |
| જવ | ૨૮૦-૩૦૫ |
| રાયડો | ૭૦૭-૭૧૪ |

### ભીલડી

| | |
|---|---|
| એરંડા | ૯૩૦-૯૪૩ |
| રાયડો | ૬૫૦-૭૦૨ |
| રાજગરો | ૭૦૦-૭૯૦ |
| બાજરી | ૨૫૦-૨૯૦ |
| ઘઉં | ૨૮૦-૩૫૧ |
| ગવાર | ૭૦૦-૭૫૯ |
| ઈસ. | ૨૦૦૦ |
| વરીયાળી | ૧૧૫૧-૧૧૯૯ |
| જીરૂ | ૩૦૯૦-૩૩૯૦ |
| અડદ | ૭૦૧-૧૦૬૩ |
| તલ | ૧૧૮૧ |
| સરસવ | ૭૧૨ |
| અડદ | ૧૦૦૦ |
| તમાકુ | ૧૦૦૦-૧૨૫૦ |
| જીરૂ | ૩૩૦૦ |

### સિધ્ધપુર

| | |
|---|---|
| જીરૂ | ૨૨૦૦-૩૦૫૫ |
| વરીયાળી | ૮૫૫-૧૪૩૦ |
| ઈસ. | ૨૧૫૦-૨૨૫૦ |
| રાયડો | ૬૨૭-૭૫૬ |
| એરંડા | ૯૦૦-૯૫૧ |
| તલ | ૧૨૦૦ |
| મેથી | ૫૯૬-૬૨૫ |
| ગવાર | ૬૫૦-૭૮૮ |
| ઘઉં | ૩૦૦-૪૭૧ |
| બાજરી | ૨૪૦-૨૯૯ |
| જુવાર | ૪૭૭-૪૮૧ |
| જવ | ૩૦૦-૩૨૩ |
| સવા | ૧૨૫૧-૧૩૦૦ |
| કપાસ | ૮૦૧-૧૧૮૨ |

### પાટણ

| | |
|---|---|
| જીરૂ | ૨૮૦૦-૩૫૨૦ |
| વરીયાળી | ૧૧૨૦-૧૯૪૪ |
| મેથી | ૫૫૦-૭૬૨ |
| સુવા | ૧૨૫૦-૧૩૨૬ |
| રાયડો | ૬૭૦-૭૬૦ |
| એરંડા | ૯૦૫-૯૪૮ |
| સરસવ | ૭૫૬ |
| ઘઉં | ૩૦૨-૪૧૧ |
| બાજરી | ૨૬૦-૩૦૦ |
| અડદ | ૧૦૦૦-૧૧૦૦ |
| બંટી | ૩૦૦-૩૦૧ |
| રજકા બા. | ૩૦૫-૩૧૪ |
| જવ | ૨૮૫-૩૨૦ |
| ગવાર | ૭૨૧-૭૬૦ |
| કપાસ | ૮૫૦-૧૧૮૪ |

# ઈડરના જાદર ખાતે સૌ પ્રથમવાર સ્વચ્છતાનો મેળો યોજાયો

હિંમતનગર




સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સાબરકાંઠા જિલ્લાને સંપૂર્ણ સ્વચ્છ અને શૌચાલયયુક્ત બનાવવાના શુભ આશયથી ગામે ગામ સ્વચછતાનો સંદેશ પંહોચે તે માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી સાબરકાંઠાના ઉપક્રમે રાજયમાં સૌ પ્રથમવાર ઈડરના જાદર ખાતે સ્વચ્છતાનો અનોખો મેળો યોજાયો હતો.

ગ્રામ વિકાસ કમિશ્નર કચેરી ગાંધીનગરની પ્રેરણા અને જિલ્લા કલેકટર તથા જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ અને યુનિસેફના સહયોગથી ડી.આર.ડી. એ ધ્વારા શોશીયલ બિહેવિયલ એન્ડ કોમ્યુનિકેશન ODFના કાર્યક્રમના ભાગરૂપે ઘર ઘર સ્વચ્છતાનો વાયરો ફૂંકાય તે માટે સ્વાભિમાની સાબરનો શાહી ડાયરાને વિધાનનસભાના અધયક્ષ રમણલાલ વોરાના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

સાબરકાંઠા જિલ્લાને સંપૂર્ણ સ્વચ્છ બનાવવાના સંદેશો પાઠવતા અધ્યક્ષ શ્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે રાજયમાં સૌ પ્રથમવાર પાયલોટ પ્રોજકેટ તરીકે ઈડરના જાદર ગામની પસંદગી કરવામાં આવી છે તે એક ગૌરવની વાત છે. જેના થકી અન્ય જિલ્લામાં પણ આ પ્રકારની કામગીરી કરવા માટે પ્રેરણારૂપ સાબિત થશે. વધુમાં તેમણે ઉમેર્યુ હતુ કે, જિલ્લો સંપૂર્ણ શૌચાલયયુક્ત તો બન્યો છે પરંતુ તેની સાથે શૌચાલયનો ઉપયોગ થાય તે પણ જરૂરી હોવાનું જણાવ્યુ હતું.

પ્રાસંગિક ઉદબોધન કરતા જિલ્લા સમાહર્તા પી.સ્વરૂપે જણાવ્યું હતુ કે, સાબરકાંઠા જિલ્લામાં પ્રથમ તબક્કામાં શૌચાલય નિર્માણની કામગીરી સફળરૂપ પુરી કરવામાં આવી છે. તેના બેઝલાઈન સરવેના આધારે બાકી રહેતા પરીવારોને શૌચાલય બનાવવાની કામગીરી ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે તેમ તેમણે ઉમેર્યુ હતું. જિલ્લા વિકાસ અધિકારી હર્ષ વ્યાસે ગામે ગામ સ્વચ્છતાની આદત કેળવાય અને સ્વચ્છ સાથે સ્વસ્થ્ય ગામનું નિર્માણ થાય તેવો આશય આ ડાયરાના માધ્યમથી કરવામાં આવ્યો છે.

કાર્યક્રમના પ્રારંભે ઉપસ્થિત સૌ મહાનુભવો અને ગ્રામજનોએ સ્વચ્છતાની પ્રતિજ્ઞા લઈ ગામને સ્વચ્છ અને સ્વસ્થ રાખવા સંકલ્પ દાખવ્યો હતો.

સ્વચ્છતાના મેળામાં સાબરકાંઠાના સાદને ઉજાગર કરતા લોક ગાયકો ડાયરામાં રમઝટ જમાવી હતી તો વળી સાબરની સંસકૃતિને ઉજાગર કરતા લોક ગરબાની પણ નોખી રજૂઆત અને વૈશ્વિક ઓળખ તરીકે ઉભી થયેલ ડેડિયાપાડાના આદિવાસી કલાકારો ધ્વારા ટીમલી નૃત્ય અને માનગઢના આદિજાતિ કલાકારો કલાનું રસપાન આસપાસના ગામના ગ્રામજનોએ કર્યુ હતું.

આ કાર્યક્રમમાં ઉચ્ચ અધિકારી શ્રી વઢવાણીયા, ગામના સરપંચ શ્રીમતી સોનલબેન વણકર, દરામલી સરપંચ શ્રીમતી હેતલબેન દેસાઇ સહિત મોટી સંખ્યામાં પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સનરાઈઝ હૈદરાબાદ-ગુજરાત લાયન્સ મેચને લઈને રોમાંચ

હૈદરાબાદ

હાઈ પ્રોફાઈલ ઈન્ડિયન પ્રિમિયર લીગમાં આવતીકાલે રવિવારના દિવસે બે મેચો રમાનાર છે. જે પૈકીની પ્રથમ મેચ સનરાઈઝ હૈદરાબાદ અને ગુ-જરાત લાયન્સ વચ્ચે રમાનાર છે. આ મેચને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. હૈદરાબાદ ખાતે આ મેચ રમાનાર છે. જેનુ જીવંત પ્રસારણ સાંજે ચાર વાગ્યાથી કરવામાં આવનાર છે. બન્ને ટીમો ભવ્ય દેખાવ કરવાના મજબુત ઈરાદા સાથે મેદાનમા ઉતરનાર છે. સનરાઈઝ હૈદરાબાદ માટે હાલમાં નિરાશાજનક બાબત એ છે કે ડેવિડ વોર્નર હાલમાં ફલોપ ચાલી રહ્યો છે. જેથી ટીમની છાવણીમાં નિરાશા છે. જો કે આવતીકાલે તેની પાસેથી જોરદાર ઈનિગ્સની આશા રાખવામાં આવી રહી છે. ટીમમાં શિખર ધવન અને યુવરાજ સિંહ જેવા શક્તિશાળી ખેલાડી છે. પ્રથમ મેચમાં જ યુવરાજે છગ્ગા ચોગ્ગાની જોરદાર રમઝટ બોલાવી હતી. જેથી પોતાની ટીમની જીત થઈ હતી. ટીમમાં રહેલા સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ખેલાડી જોરદાર દેખાવ કરવા માટે સજ્જ છે. પોતાના ઘરઆંગણે હૈદરાબાદ આ મેચ રમનાર છે જેથી તેના પર શાનદાર દેખાવ કરવાનુ દબાણ વધારે છે. જો વોર્નર અને યુવરાજ બન્ને ફોર્મમાં રહેશે તો ટીમ સરળતાથી મેચ જીતી શકે છે. જો કે અન્ય સ્થાનિક સ્ટાર પણ પોતાની હાજરી પુરવાર કરવા માટે સજ્જ બનેલા છે. હજુ સુધી આઈપીએલમાં રમાયેલી તમામ મેચો જોરદાર રોમાંચક બની છે જેથી આવતીકાલે રવિવારે રમાનારી મેચ પણ રોમાંચક બને તેવા સંકેત દેખાઈ રહ્યા છે. આઈપીએલ૧૦ની રોમાંચક શરૂઆત થયા બાદ આયોજકો પણ હજુ સુધીના આયોજનને

# સિધ્ધપુર શહેર- તાલુકા અને ગોકુલ ફાઉન્ડેશન કેમ્પસના એનએસયુઆઈના હોદ્દેદારો નિમાયા

સિધ્ધપુર



સિધ્ધપુર શહેર- તાલુકા અને ગોકુલ ફાઉન્ડેશન કેમ્પસના એનએસયુઆઈના હોદ્દેદારોની જાહેરાત ધારાસભ્ય બલવંતસિંહ રાજપુતની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. તાલુકા પ્રમુખ તરીકે પ્રવિણભાઈ માળી અને ઉપપ્રમુખ તરીકે મોઈનખાન પઠાણ, શહેર પ્રમુખ તરીકે નાઝીમખાન પોલાદી, ઉપપ્રમુખ તરીકે અંકિત ભોજાણી તેમજ ગોકુલ એજ્યુકેશન કેમ્પસના પ્રમુખ તરીકે વિશાલ ચૌધરી અને ઉપપ્રમુખ તરીકે કિરણ જોષીની વરણી કરવામાં આવી હતી. આ ઉપરાંત મહામંત્રી અને મંત્રીઓની નિમણુંક પણ કરાઈ હતી.

આ પ્રસંગે ઉપસ્થિત એનએસયુઆઈ ના પ્રદેશ પ્રમુખ મહિપાલસિંહ ગઢવી અને જિલ્લા પ્રમુખ જયેન્દ્રસિંહને ધારાસભ્ય બલવંતસિંહે સાલ ઓઢાડી બુકે આપી સન્માન કર્યું હતું. ધારાસભ્યએ જણાવ્યું કે, વિદ્યાથી-કાળથી સાચી દિશા પકડવી જોઈએ. આજે મોટી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત છે તે સર્વેએ સત્યની સાથે રહેવું જોઈએ. વર્તમાન ગમે તે હોય ભવિષ્ય આપના હાથમાં છે. દરેકે અભ્યાસની સાથે આત્મસન્માન અને સમાજ માટે જવાબદારી સ્વીકારવા તૈયાર રહેવું જોઈએ. આ પ્રસંગે નગરપાલિકાના ઉપપ્રમુખ ગૌતમભાઈ દવે, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ અભેસિંહ ઠાકોર, મહિપાલસિંહ, જયેન્દ્રસિંહ વિગેરેએ પ્રસંગોચિત પ્રવચન કર્યા હતા.

આ યુવા કાર્યક્રમમાં એપીએમસીના વાઈસ ચેરમેન દશરથભાઈ પટેલ, પ્રદેશ યુથ કોંગ્રેસના મહામંત્રી ભાવેશભાઈ, એનએસયુઆઈના પ્રદેશ મહામંત્રી રાવત, સિધ્ધપુર તાલુકા મહિલા કોંગ્રેસના પ્રમુખ અંતરબા ઠાકોર, શહેર કોંગ્રેસ પ્રમુખ જે.ડી.પટેલ, જિલ્લા પંચાયત સદસ્ય દશરથજી રાજપુત, પાટણ જિલ્લા યુથ પ્રમુખ ભાવિક રામી સહિત મોટી સંખ્યામાં યુથ કોંગ્રેસ અને એનએસયુઆઈના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# સિધ્ધપુર તાલુકા ભાજપ પ્રમુખ - મહામંત્રી તરીકે કરવામાં આવેલ નિમણૂંક

પાટણ

પ્રદેશ મહામંત્રી અને ઉત્તર ઝોન પ્રભારી કે.સી.પટેલની અનુમતીથી જિલ્લા સંગઠન પ્રભારી અરજણભાઈ રબારીના માર્ગદર્શન હેઠળ, પાટણ જિલ્લા ભાજપ પ્રમુખ મોહનભાઈ પટેલ દ્વારા ગતરોજ પાટણ જિલ્લાના સિધ્ધપુર તાલુકામાં નીચે મુજબની નિમણૂંક કરવામાં આવે છે.

સિધ્ધપુર તાલુકા ભાજપ પ્રમુખ તરીકે કેશરભાઈ ગલબાભાઈ ચૌધરી, તથા મહામંત્રી તરીકે અશોકભાઈ જોઈતારામ પટેલ (ઠાકરાસણ) અને બાબુજી ચેલાજી ઠાકોર (મેળોજ) ની વરણી કરવામાં આવે છે.

# હારીજ ખાતે ભાજપ સ્થાપના દિનની અનોખી રીતે કરાયેલી ઉજવણી



હારીજ

સમગ્ર ગુજરાતમાં ૬ એપ્રિલના રોજ ભાજપ સ્થાપના દિનની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત હારીજ શહેર ભાજપ અને યુવા ભાજપ દ્વારા ભાજપના સ્થાપના દિનની અનોખી રીતે ઉજવણી થઈ હતી. આ કાર્યક્રમમાં જનસંઘી કાર્યકરનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ હારીજ વોર્ડ નં.૧ માં ભાજપના દલિત આગેવાનના ઘેર કેક કાપી સ્થાપના દિનની ઉજવણી યાદગાર બનાવી હતી.

વિશેષમાં જુના જનસંઘી કાર્યકર વડીલ વસંતભાઈ કે. ઠક્કર (વસંત કાકા) નું જિલ્લા મહામંત્રી દશરથજી ઠાકોર, હારીજ શહેર પ્રભારી સતીષભાઈ ઠક્કર, હારીજ શહેર પ્રમુખ જગદીશભાઈ ઠક્કર, તેમજ મહામંત્રી આર.કે. ઠાકોર તેમજ જગદીશભાઈ મિશ્રા દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

હારીજ ખાતે ભાજપ દ્વારા ઉજવવામાં આવેલા સ્થાપના દિન પ્રસંગે પાટણ જિલ્લા યુવા ભાજપના મંત્રી કલ્પેશભાઈ ઠાકર, અને તેમની ટીમ દ્વારા વોર્ડ નં.૧ ના ઘરો ઉપર '' ન જાતવાદ, ન પ્રાંતવાદ, વિકાસ કાજે રાષ્ટ્રવાદ'' ના સ્ટીકરો કાર્યક્રમનું સંચાલન પી.આઈ ઠક્કર અને આભારવિધિ યોગેશભાઈ ઠાકરે કરી હતી.

# હારીજ તાલુકાના દુનાવાડા પ્રાથમીક શાળા ખાતે શ્રમ અને રોજગાર મંત્રીની હાજરીમાં સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

પાટણ




રાજય સરકાર દ્વારા હાથ ધરાતી અનેકવિધ લોકપયોગી યોજનાઓ, પ્રવૃત્તિઓ તથા વહીવટ પરત્વે પ્રજાના પ્રશ્નોનો ન્યાયયિક, ચોક્કસ તથા ઝડપી ઉકેલ આવે, વહીવટમાં પારદર્શિકતા વધે તેમજ પ્રજાની વ્યક્તિલક્ષી રજુઆતોના ઉકેલની ઝડપ વધે તે માટે પાટણ જિલ્લાશના હારીજ તાલુકાના દુનાવાડા પ્રાથમિક શાળા ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો. જેમાં શ્રમ અને રોજગાર વિભાગના મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરએ દિપ પ્રાગ્ટય કરી બીજા તબકકાના સેવા સેતુ કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો.જેમાં જિલ્લા કલેકટરશ્રી કે.કે નિરાલા ઉપસ્થિત રહયા હતા. શ્રમ અને રોજગાર વિભાગના મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરએ જણાવ્યું હતું કેરાજય સરકાર દ્વારા પ્રથમ તબકકાનાસેવા સેતુ કાર્યક્રમમાં૩૫ લાખ લાભાર્થીઓએ લાભ લીધેલ જેની સફળતાથી સરકારના ત્વરીત નિર્ણયથી બીજા તબકકાનો સેવા સેતુ કાર્યક્રમ.ગુજરાતમાં હાથ ધરવામાં આવેલ છે. આ કાર્યક્રમથી પ્રજાજનોને એક જ જગ્યામએથી વ્યતક્તિલક્ષી પ્રશ્નોનો ઉકેલ આવશે. જેનાથી પ્રજાનો સમય અને નાણાંની બચત થશે. જુદી જુદી કચેરીઓમાં જવું પડશે નહીં. દુનાવાડા ખાતે ડોમીસાઈલ પ્રમાણપત્ર,આધાર કાર્ડ,રેશનકાર્ડ સંબધિત,જાતિ પ્રમાણપત્ર, કુવંરબાઈનું મામેરૂ સહાય યોજના, દિવ્યાંગતા પ્રમાણપત્ર,કસ્ત ુરબા પોષણસહાય યોજના, ઉજાલા યોજના, મેડીસીન-ગાયનોકોલોજી, સર્જિકલ સારવાર, ડીવર્મીંગ,રસીકરણ,આધાર કાર્ડનું બેન્કીંગ સાથે જોડાણ,નવીન બેન્કએકાઉન્ટ,જનધન યોજના અન્વયે બેન્ક એકાઉન્ટ,પ્રધાનમંત્રી જીવન જયોતિ યોજના,સુરક્ષા વિમાયોજના, સુકન્યા સમૃધ્ધી યોજના,અટલ પેન્શન યોજના,બસ કન્સેશન પાસ વિકલાંગ, સિનિયર સીટીઝન અને સામાન્ય લોકો માટે, આર.ટી.ઓ સંલગ્ન સેવાઓ,સાત-બાર અને આઠ-અનાપ્રમાણપત્રો, રાષ્ટ્રીયવૃધ્ધપેન્શનયોજના, કુટુંબિક સહાયયોજના,જાતિપ્રમાણપત્ર,ક્રીમી લેયરપ્રમાણપત્ર,વિધવા સહાય,વૃધ્ધ નિરાધાર સહાય,ફ્રીશીપ કાર્ડ શાળા કોલેજ પ્રવેશ દરમિયાન,પ્રોપર્ટીટે-ક્ષ,જન્મ-મરણના પ્રમાણપત્ર, આવકનો દાખલો,વરિષ્ઠ નાગરિક પ્રમાણપત્ર સહિતની સેવાઓનો સમાવેશ થાય છેડોકયુમેન્ટ લેવા માટે કલસ્ટરના ગામોના અરજદારો ઉપસ્થિત રહયા હતા. જેમાંથી ૧૨૫૦ અરજદારોની અરજીઓનો સ્થળ નિકાલ કરવામાં આવેલ હતો.

આ કાર્યક્રમમાં નાયબ ચૂંટણી અધિકારી જે.જે.પટેલ, રણછોડભાઈ ચૌધરી,મામલતદાર ડી.કે મજેતર, આજુબાજુ ગામોના સરપંચો,તલાટી કમમંત્રીશ્રીઓ અને લાભાર્થીઓ ઉપસ્થિત રહયા હતા.

# હિંમતનગર ખાતે રોજગાર માર્ગદર્શન સેમિનાર યોજાયો




હિંમતનગર

સાબરકાંઠાના યુવાધનને રોજગારલક્ષી સચોટ માહિતી મળી રહે તે માટે જિલ્લા રોજગારીના ઉપક્રમે હિમતનગરના ટાઉનહોલ ખાતે રોજગાર કારર્કિદી માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો.

વિધાર્થીઓને રાજય સરકાર ધ્વારા પુરી પડાતી વિશેષ સવલતો અંગે માહિતગાર કરતા મહેસાણાના સ્પીપના સંયુક્ત નિયામક શ્રી નાયકે જણાવ્યું હતું કે, રાજય સરકાર ધ્વારા વિધાર્થીઓને ઘર આંગણે તજજ્ઞો ધ્વારા યોગ્ય દિશામાં માર્ગદર્શન મળી રહે તે માટે જિલ્લા મથકે સ્પીપા સેન્ટરની શરૂઆત કરવામાં આવી છે. જયાં કારર્કિદીલક્ષી પુસ્તકો અને અન્ય સાહિત્ય પુરૂ પાડવામાં આવે છે જેનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમમાં ઉપસ્થિત ગઢવી એકડમીના માસ્ટર શ્રી હિતેષ ગઢવીએ વિધાર્થીઓને સાચી દિશામાં મહેનત કરવાની સલાહ આપતા જણાવ્યું હતુ કે, વિધાર્થીઓ માત્ર પરીક્ષાના સમયગાળા દરમિયાન જ વાંચન કરતા હોય છે પરંતુ તેમ ન કરતા વાંચનનો સતત મહાવરો રાખવા પર ભાર મુક્યો હતો.

સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી મહેમાનોને સ્વાગત આવકાર આપતા જિલ્લા રોજગાર અધિકારી શ્રી ચિરાગ ચૌધરીએ વિધાર્થીઓ રાજય સરકારના ભરતી કેલેન્ડરને અનુસરી રાજય સિવાયની અન્ય પરીક્ષામાં સફળ થવા માટે શુભકામના પાઠવી હતી. કાર્યક્રમમાં જિલ્લા મ્યુનિસિપલ અધિકારી શ્રી પાંચાભાઈ માળી, માહિતી અધિકારી શ્રી હરીશ પરમાર, બનાસકાંઠા જિલ્લા રોજગાર અધિકારીશ્રી ગઢવી અને ખેડબ્રહ્મા રોજગાર અધિકારી સહિત મોટી સંખયામાં રોજગારવાંચ્છુ ઉમેદવારો ઉપસ્થિત રહી માર્ગદર્શન મેળવ્યુ હતું.

# રાધનપુરની બી.એડ્ કોલેજમાં દિક્ષાંત સમારોહ યોજાયો




પ્રતિ. રાધનપુર

રાધનપુર ની બી.જે.ગઢવી બી.એડ્ કોલેજના પ્રશિક્ષિત વિધાર્થીઓનો વિદાય સમયે દિક્ષાંત સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

કરણી એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ નારણદાન ગઢવી, કોલેજના પ્રિન્સિપાલ શૈલેન્દ્રસિંહ સોઢા, વિનય વિધાલયના પ્રિન્સિપાલ અરવિંદભાઈ જોષી તથા સ્ટાફની ઉપસ્થિતિમાં વિધાર્થીઓને ભાવિજીવન માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. વિધાર્થીઓએ પણ પોતાના અનુભવો વર્ણવ્યા હતા.

# çkLkkMkfktXk rsÕ÷kLkk 161 økk{ Ãkt[kÞíkkuLkk{í ÏkÞkLkkMkËLkk

MkhÃkt[Lkk 1Ãk9 yLku MkÇÞ ÃkËLkk 4Ãk9

# f{Ãkkúu³kEM, hef y™u AkEEhkÅøkk™w .k.f ÞoAu «Ëþ y aëÞûkðk¼ýe

f™k,fktXk rsÕ÷k™k ¾uzqŒku y™u ...þw...k÷fkuyu ðirïf fûkkyu rsÕ÷k ™wt ™k{ hkuþ™

MktsÞ òuþe

zeMkk 198 økúk{ Ãkt[kÞíkkuLkk ðk{ þkíkÞkuíkku. íÞkhu W¥khÞ[t.

çkLkkMkfktXk rsÕ÷kLkk íkÕ÷ku 161 økk{ Ãkt[kÞíkkuLkk ...

# rsÕ÷kLkeçkò hk{ÃÞ÷økLkkhkLke ¾hëÉe{kuzÕk Xe«ò Lke¼ez

fÃkzkt, ðkMký yLku MkkuLkk- [ktËeLke ËwfkLkkuu{kt ½Mkkhkhku

«ríkrLkrÄ



{wfuÞ Mkk

# .k™ÞoAu.{k ðkÕkkk™Œ{ kneÿ{k ðÃwy fuLkyíkk

Ãkk÷LkÃkwh

# økh{eLkkf kký u÷k-[xkf íkhçkkwLke{ Mkk{kt VþÃkþ ku.



Lkh®Mkn ËuMkk

Ãkk÷LkÃkwh{kt Ãkk÷LkÃkwh

# zeMkkhs Ãkwrðkhk{ y¾ã ÃÃkñe[ ðÕký



rðLkkuË çkk

sLk ykhkuøÞ Mkk{u ¾íkhku: íkt°k [qÃÃk

zeMkk

# hÃÃLkkhy{kt[ k÷íkkð f ÞÞÞÞLkh f ík÷¾kkçkk f hÕðkhsðíkkt

Ãkqhu÷ Zkuh Akuzkðe ÃkktshkÃkku¤{kt {kuf÷ðk Mkq[Lkk

«ríkrLkrÄ

÷kÞMkLkMk heLÞw Ukþk

rsÕ÷k f÷uõxh ïkykíkku fhe

Mkku{ðkhUke íkAkMk

# zeMkk{k½ÞkÞLkÄkkÕÞ Xhþ Lk Xkbky ÇkÞykhÚkhqþ

{k°k çku YrÃkÞkLkk xkufLk Ëhu hsðkze



¼hík MkwÚkMk

zeMkk